પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૯-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## MMS કાંડ : વિદ્યાર્થીઓ મજા લેવા માટે પ્રદર્શન કરી રહ્યા છે અને યુવતીઓ કમજોર હોય છે : મોહાલીના એસએસપી

મોહાલી,

મોહાલીની ચંડીગઢ યુનિવર્સિટી હોસ્ટલમાં યુવતીઓના આપત્તિજનક વીડિયો બનાવવાના મામલે પોલીસે સિમલાથી તે યુવકની પણ ધરપકડ કરી લીધી છે. જેને આરોપી યુવતી વીડિયો મોકલતી હતી. આ સાથે જ પોલીસે સિમલાથી જ એક અન્ય યુવકની પણ ધરપકડ કરી છે. પરંતુ આ મામલે હવે પોલીસની તપાસ ઉપર પણ સવાલ ઉઠી રહ્યા છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો આરોપ છે કે પોલીસ મામલાને દબાવવાની કોશિશ કરી રહી છે. આરોપ છે કે પોલીસ પીડિત યુવતીઓને કોઈને મળવા દેતી નથી. હદ તો ત્યારે થઈ જ્યારે મોહાલીના એસએસપીએ એમ કહી દીધુ કે વિદ્યાર્થીઓ મજા લેવા માટે પ્રદર્શન કરી રહ્યા છે અને યુવતીઓ કમજોર હોય છે.



ચંડીગઢ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ પીડિત વિદ્યાર્થીનીઓ માટે ન્યાયની માંગણી કરી રહ્યા છે. આટલા ગંભીર મુદ્દા પર પોતાના સાથીઓ સાથે ખભેથી ખભો મીલાવીને ઊભા છે. પરંતુ મોહાલીના એસપી ગ્રામીણ નવરીત વિર્કએ વિદ્યાર્થીઓના આ પ્રદર્શનને મજાક ગણાવી દીધુ. તેમના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓ એન્જોયમેન્ટ માટે પ્રદર્શન કરી રહ્યા છે.એસપીના આ નિવેદનથી તમે અંદાજો લગાવી શકો છો કે વિદ્યાર્થીઓની માંગણી પ્રત્યે પોલીસ કેટલી ગંભીર હશે. બીજી બાજુ વિદ્યાર્થીઓને પોલીસની વાતો અને ભરોસા પર વિશ્વાસ નથી. વિદ્યાર્થીઓ પોતાની માંગણી પર મક્કમ છે. તેમનો આરોપ છે કે પોલીસ અને યુનિવર્સિટી પ્રશાસન મામલાને દબાવવાની કોશિશ કરી રહ્યા છે. પીડિત યુવતીઓને મીડિયા સામે આવીને નિવેદન આપવા દેવામાં આવતી નથી. તેમને નજરકેદ કરાઈ છે. પરંતુ ચંડીગઢ યુનિવર્સિટીનું પ્રશાસનનું કહેવું છે કે કોઈ પણ વિદ્યાર્થી પર દબાણ નથી. ચંડીગઢ યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ વેલફેર ડાયરેક્ટર અરવિંદર કાંગે કહ્યું કે અમે કોઈના ઉપર પ્રેશર બનાવી રહ્યા નથી. અમે એટલા માટે બધાને ઈનવાઈટ કર્યા છે જેથી કરીને તમે આવીને તેમની સાથે વાત કરી શકો.

ચંડીગઢ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં બાથરૂમમાં ૬૦ યુવતીઓના વીડિયો બનાવવાના આરોપનો મામલો ઉકેલાવવાની જગ્યાએ ગૂંચવાતો જાય છે. પોલીસનો દાવો છે કે યુનિવર્સિટીની કોઈ પણ વિદ્યાર્થીનીએ આત્મહત્યાની કોશિશ કરી નથી. પોલીસ આ પ્રદર્શન દરમિયાન ગરમીના કારણે વિદ્યાર્થીનીઓના બેહોશ થવાને મામૂલી

### વિદ્યાર્થીઓના પ્રદર્શન વચ્ચે યુનિવર્સિટીએ એક અઠવાડિયાની રજા રાખવાનો નિર્ણય લીધો છે, ધરણાનો અંત

ઘટના ગણાવી રહી છે. પરંતુ યુનિવર્સિટીના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો આરોપ છે કે વીડિત વિદ્યાર્થીનીઓ પર દબાણ સર્જીને નિવેદન બદલવાનું કહેવાયું છે. એટલું જ નહીં પોલીસ તો એ વાતનો પણ ઈક્કાર કરી રહી છે કે આરોપી યુવતીએ પોતાના સિવાય અન્ય કોઈના વીડિયો બનાવ્યા છે. પોલીસના જણાવ્યાં મુજબ મોબાઈલ ફોનમાંથી આરોપી યુવતી સિવાય કોઈના પણ વીડિયો મળ્યા નથી. પોલીસનું આ નિવેદન આરોપી યુવતીના કબૂલાતનામા અને તેની વોર્ડન સાથે થયેલી વાતચીતથી બિલકુલ ઉલ્ટું છું. આરોપી યુવતી સાથે પૂછપરછમાં વોર્ડને સ્વીકાર્યું છે કે વિદ્યાર્થીનીઓના વીડિયો બન્યા છે જ્યારે પોલીસનું કહેવું છે કે યુવતીએ ફક્ત ૪ વીડિયો બનાવ્યા અને તે પણ તેના પોતાના. આ મામલે અત્યાર સુધીમાં ૩ ધરપકડ થઈ છે. પહેલી ધરપકડ ચંડીગઢ યુનિવર્સિટીની આરોપી વિદ્યાર્થીનીની થઈ છે જ્યારે બીજી ધરપકડ સિમલાના રોહડથી ૨૩ વર્ષના સની મહેતાની થઈ છે. જે એક બેકરીમાં કામ કરે છે. આરોપી વિદ્યાર્થીની પણ સિમલાના રોહડની રહીશ છે. ત્રીજી ધરપકડ સિમલામાં ઢલીથી ૩૧ વર્ષના રંકજ વર્માની થઈ છે. જે ટુર એન્ડ ટ્રાવેલ એજન્સીમાં કામ કરે છે. સોશિયલ મીડિયા પર જે યુવકની તસવીર વાયરલ થઈ રહી છે તે હકીકતમાં રંકજ વર્મા છે. આ બધા વચ્ચે આરોપી યુવતી અને તેના મિત્રની ચેટ પણ સામે આવી છે. ચેટમાં વીડિયો મોકલવાનો પણ ઉલ્લેખ કરાયો છે. સિમલાથી ધરપકડ આરોપીઓને પંજાબ પોલીસને સોંપી દેવાયા છે. હાલ પોલીસ આરોપી વિદ્યાર્થીનીના મોબાઈલ સહિત તમામ ઈલેક્ટ્રોનિક ડિવાઈઝની તપાસ કરી રહી છે. આ ઘટના પર વિવાદ વધવાથી અનેક વિદ્યાર્થીઓ કેમ્પસ છોડીને ઘર જઈ રહ્યા છે. વીડિયો લીક થવાની ઘટનાથી તેઓ ખુબ ગુસ્સામાં પણ છે. ચંડીગઢ યુનિવર્સિટી એમએમએસ કાંડને લઈને થઈ રહેલા વિદ્યાર્થીઓના પ્રદર્શન વચ્ચે યુનિવર્સિટીએ એક અઠવાડિયાની રજા રાખવાનો નિર્ણય લીધો છે. પહેલા આ રજા બે દિવસની હતી જેને વધારીને એક અઠવાડિયાની કરવામાં આવી છે. બીજી બાજુ એ પણ સમાચાર છે કે વાયરલ વીડિયો કાંડ બાદ યુનિવર્સિટી પ્રશાસને હોસ્ટલના બે વોર્ડનને પણ સસ્પેન્ડ કરી દીધા છે. જેમાંથી એક વોર્ડન વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યા હતા. જે આરોપી વિદ્યાર્થીનીને ફટકાર લગાવી રહ્યા હતા.બીજી તરફ આ વીડિયો મુદ્દે કેટલીક વિદ્યાર્થિનીઓને વિદેશથી પણ ધમકીભર્યા કોલ આવવા લાગતા તે મુદ્દે તપાસ શરુ થઈ છે.એકતરફ ચંદીગઢની ખાનગી યુનિવર્સિટી એક સપ્તાહ માટે બંધ કરવામાં આવી છે અને છાત્રાઓને પણ તેમના વિરોધ પ્રદર્શન પરત ખેંચી લેવા કરેલા અનુરોધ બાદ આજથી આ ધરણા પ્રદર્શન બંધ થઈ જશે જ્યારે હોસ્ટેલના ચાર વોર્ડનને હટાવી દેવામાં આવ્યા છે. પરંતુ યુનિવર્સિટી બંધ થવાથી મોટાભાગના વિદ્યાર્થીઓ પોતે હોસ્ટેલ વગેરે છોડવા લાગ્યા છે.

## રખડતાં ઢોર મામલે માલધારીઓનું આંદોલન : બુધવારે સમગ્ર ગુજરાતમાં માલધારીઓ દૂધ હડતાળ કરશે

અમદાવાદ,

રાજ્યમાં રખડતાં ઢોરનો કાયદો રદ કરવા સહિતની માંગણીઓને લઈ માલધારી સમાજે સરકાર સામે બાંયો ચડાવી છે અને ૨૧મી સપ્ટેમ્બરના રોજ દૂધ હડતાળ જાહેર કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં માલધારીઓ ડેરીઓમાં તેમજ ઘરે ઘરે દૂધ આપવા નહીં જાય. સામાન્ય પ્રજાને પણ કોઈક પ્રકારે હેરાનગતિ ન થાય તેની કાળજી લેવા પણ સમાજને સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત ૨૨મીએ સમગ્ર ગુજરાતનાં માલધારીઓ ગોળનાં લાડુ બનાવીને ગાયોને ખવડાવશે. જેથી પશુ વિરોધી ગુજરાત સરકારને ભગવાન સદબુદ્ધિ આપે.



આ અંગે ગુજરાત માલધારી મહાપંચાયતનાં પ્રવક્તા નાગજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારનાં તંત્રને પણ વિનંતી કરવામાં આવે છે કે માલધારીઓ સાથે દૂધ બાબતે કોઈપણ પ્રકારની બળજબરી કરવામાં ના આવે. માલધારી સમાજે કોરોનાકાળમાં તમામ વસ્તુનાં ભાવ વધ્યા હતા, છતાં દૂધના ભાવમાં એક પણ રૂપિયાનો વધારો કર્યો નહોતો. તે ગુજરાતની પ્રજા જાણે છે. માલધારી સમાજનાં વિવિધ પ્રશ્નો અંગે ગુજરાત સરકાર કોઈ નક્કર પરિણામ લાવી શકી નથી. માલધારીઓની ગુજરાન ચલાવવું મુશ્કેલ બનેલ છે. તેમજ નિર્દોષ રાહદારીઓને નાના મોટા અકસ્માતોનો ભોગ બનવું પડે છે.

તેમણે કહ્યું હતું કે ગુજરાત સરકાર ગુજરાત હાઈકોર્ટમાં ખોટા એફીડેવિટો કરીને ગુજરાત હાઈકોર્ટને ગેરમાર્ગે દોરે છે. દિન પ્રતિદીન ગામડાઓને શહેરોમાં ભેળવીને પશુપાલનનાં વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોને પાયમાલ કરવાનું બીલ ઢોર અંકુશ નિયંત્રણ ગુજરાત વિધાનસભામાં લાવવામાં આવ્યું. દિન પ્રતિદીન ગામડાઓને શહેરોમાં ભેળવીને પશુપાલનનાં વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોને પાયમાલ કરવાનું બીલ ઢોર અંકુશ નિયંત્રણ ગુજરાત વિધાનસભામાં લાવવામાં આવ્યું. આ બીલ પ્રજાનાં હિત માટે નહીં પરંતુ ૮ મહાનગર પાલિકા અને ૧૫૬ નગરપાલિકાની ગૌચરની સરકારી પડતર જમીન માનીતા ઉદ્યોગપતિઓને હેતુફેર કરીને જમીનો પધરાવી દેવાનું આ બીલ છે. તેમજ કુલ ૧૧ મુદ્દાઓ માલધારીઓએ માંગણી સાથે ગુજરાત સરકારને આપેલ છે. તેના માત્રને માત્ર આશ્વાસન અને લોલીપોપ આપવામાં આવે છે. માલધારી સમાજના ૨૦ કરતાં પણ વધુ મંદિરોના મહંતો તેમજ ૪૦ કરતાં પણ વધુ મંદિરના ભૂવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓડિશાની સરકારી હોસ્પિટલમાં ૧૩ બાળકનાં મોત

## છેલ્લા ૧૮ દિવસથી બાળકોનાં મોત થઈ રહ્યાં છે, સમયસર ઓક્સિજન ન મળતાં બાળકો મોતને ભેટ્યાં : પરિવાર

ભુવનેશ્વર,

ઓડિશામાં એક સરકારી હોસ્પિટલમાં ૧૮ દિવસમાં ૧૩ બાળકનાં મોતનો મામલો સામે આવ્યો છે. મામલો રાજ્યના ક્યોંઝર જિલ્લાનો છે, જ્યાં મૃતક બાળકોના સંબંધીઓએ હોસ્પિટલ તંત્ર સામે હોબાળો મચાવ્યો હતો. પરિવારનો આરોપ છે કે ડોક્ટરો અને નર્સોની બેદરકારીને કારણે બાળકોનાં મોત થયાં છે. પીડિત પરિવારોના જણાવ્યા અનુસાર, હોસ્પિટલમાં બાળકોને સમયસર ઓક્સિજન આપવામાં આવ્યો નહોતો, જેને કારણે અનેક બાળકોનાં મોત થયાં હતાં. આ પછી પરિવારજનોએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. ત્યાર બાદ વરિષ્ઠ પોલીસ અને આરોગ્ય અધિકારીઓ લોકોને શાંત પાડ્યા હતા.

આ તરફ ઓડિશાના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી એનકે દાસે આ મામલે રિપોર્ટ માગ્યો છે. મંત્રીએ તેને દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવતાં કહ્યું હતું કે બાળકોનું મોત કેવી રીતે થયું એની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું- મેં કેઓંઝર જિલ્લાના અધિકારીઓને ઘટના પાછળનું કારણ જાણવા કહ્યું છે.

મિથુન નાયકે આરોપ લગાવ્યો હતો કે મારા નાના ભાઈના પુત્રને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ડોક્ટરો અને નર્સોની બેદરકારીને કારણે તેઓ મૃત્યુ પામ્યો છે. પીડિત પરિવારનો આરોપ છે કે બાળકને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યુ હતું, પણ સમયસર ઓક્સિજન ન મળવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. ઈમર્જન્સીના કિસ્સામાં ડૉક્ટર અને નર્સ હંમેશાં ઉપલબ્ધ હોવા જોઈએ, પરંતુ તેઓ શનિવારે રાત્રે હાજર નહોતા. પરિવારનું કહેવું છે કે ડોકટરોએ સ્પેશિયલ ન્યૂબોર્ન કેર યુનિટની મુલાકાત લીધી નહોતી, જ્યાં ગંભીર રીતે બીમાર બાળકોની સારવાર ચાલી રહી હતી અને એને કારણે તેમનાં મોત થયાં હતાં.

કેઓંઝાર જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકોએ ડોકટરો સામે કાર્યવાહીની માંગ કરી હતી. સાથે જ તેમણે આરોપ લગાવ્યો કે ડોકટરોની બેદરકારીના કારણે બાળકોના મોત થયા છે. આરોગ્ય મંત્રીએ મીડિયાને કહ્યું કે આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે.આપણે બાળકોના મૃત્યુના કારણો શોધવા જોઈએ. મેં ક્યોંઝર જિલ્લાના અધિકારીઓને ઘટના બાબતે તપાસકરવા જણાવ્યું છે.

## ૨૦ હજારમાં ડિપ્લોમા, ૮૦ હજારમાં ડિગ્રી : ગૂગલ પર જાહેરાત દ્વારા ઠગાઈનું દેશવ્યાપી નેટવર્ક

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશમાં નોએડા પોલીસે સેક્ટર-૬૩માંથી એક એવી ટોળકીનો પર્દાફાશ કર્યો છે જે દેશભરમાં બોગસ ડિગ્રીઓનું એક નેટવર્ક ચલાવી રહી હતી. આ ટોળકી ૨૦થી ૮૦ હજાર રૂપિયામાં એમબીએ એમટેક વગેરેની બોગસ ડિગ્રી અને ડિપ્લોમા ડિગ્રી વેચી રહી હતી. તેઓ ગૂગલ પર બોગસ જાહેરાત આપીને લોકોને ફસાવવાનું કામ કરતા હતા.

પોલીસે આ કેસમાં પટનાના રહેવાસી આનંદ શેખર અને નોએડાના રહેવાસી ચિરાગ શર્માની ધરપકડ કરી છે. બંને પાસેથી વર્ષ ૨૦૦૦, ૨૦૦૨ સુધીની બોગસ ડિગ્રી અને ડિપ્લોમા પણ મળી આવ્યા છે. છઙ્ગઁ સેન્ટ્રલ ઝોન સાદ મિયાંએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, પોલીસને સેક્ટર-૬૩ની બી-૪૪ સ્થિત ઈમારતમાં નકલી માર્કશીટ, ડિપ્લોમા અને ડિગ્રી વેચવાનો ધંધો ચાલી રહ્યો હોવાની બાતમી મળી હતી. ત્યાર બાદ પોલીસે તે સ્થળે દરોડો પાડ્યો હતો જેમાં બે આરોપીઓ આનંદ અને ચિરાગની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને તેમના પાસેથી ૮૫ બોગસ માર્કશીટ, ૭ ખાલી માર્કશીટ, ૮ નકલી સ્ટેમ્પ, ૩૩ મોબાઈલ ફોન, ૧૪ કોમ્પ્યુટર અને ૫૫ સિમકાર્ડ મળી આવ્યા હતા.

પોલીસે જણાવ્યું કે, નોએડા પહેલા બેંગલુરૂમાં પણ આ પ્રકારે ડિપ્લોમા અને ડિગ્રી વેચવાનો ધંધો કરવામાં આવ્યો હતો. બેંગલુરૂ પોલીસે જાન્યુઆરી ૨૦૨૨માં આનંદની ધરપકડ કરી હતી. ત્યાંથી જામીન મળ્યા બાદ માર્ચ ૨૦૨૨માં તેણે નોએડા આવીને ફરી પોતાનો ગેરકાયદેસર ધંધો શરૂ કર્યો હતો. તેણે પોતે ૧૦ વર્ષથી આ પ્રકારે બોગસ માર્કશીટ, ડિગ્રી અને ડિપ્લોમા વેચવાનું કામ કરી રહ્યો હોવાનો ખુલાસો કર્યો છે.

આરોપી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ગૂગલ દ્વારા જાહેરાત કરતો હતો. તેના માટે પ્રતિ દિવસના હિસાબથી ૫,૦૦૦ રૂપિયાની ચુકવણી પણ કરવામાં આવતી હતી. આ જાહેરાતોમાં તે ડિગ્રી અને ડિપ્લોમાની લાલચ આપીને લોકોને પોતાની જાળમાં ફસાવતો હતો અને એક વખત ફોન આવે અથવા તો કોઈ જાહેરાત પર ક્લિક કરે એટલે તે પોતે જ તે લોકોનો સંપર્ક કરતો હતો અને તેમને ઠગાઈનો શિકાર બનાવતો હતો. તે સિવાય તે કોચિંગ સંસ્થાઓ, કોલેજીસ વગેરે પાસેથી વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓની વિગતો એકઠી કરીને તેમને ફોન કરતો હતો અને ઓછા પૈસા અને ઓછી મહેનતમાં ડિગ્રી અને ડિપ્લોમા મેળવી આપવાની લાલચ આપતો હતો. આ માટે તે પોતે વિદ્યા ભારતી ઈન્સ્ટિટ્યુટ અને એમ્પિરિયલ ઈન્સ્ટિટ્યુટનો સંચાલક હોવાનું જણાવતો હતો. જોકે વાસ્તવમાં આ નામના કોઈ ઈન્સ્ટિટ્યુટ જ નથી.

## સુપ્રીમ કોર્ટ ફાંસીની સજા અંગે ગાઈડલાઈન બનાવશે, મામલો પાંચ જજોની બેંચને મોકલાયો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ ફાંસીની સજા પર વિચાર કરી રહી છે. આ માટે, સુપ્રીમ કોર્ટે સોમવારે પાંચ જજની બંધારણીય બેંચને માર્ગદર્શિકા ઘડવા અંગે સુઓ મોટુ સંજ્ઞાન માંગતી અરજી મોકલી હતી. કોર્ટે કહ્યું કે ક્યા સંજોગોમાં અને ક્યારે મૃત્યુદંડની સજા પર વિચાર કરી શકાય. હવે ૫ જજોની બેંચ આ મામલે નિર્ણય કરશે. જસ્ટિસ યુયુ લલિતની આગેવાની હેઠળની બેન્ચે ફાંસીની સજાની પ્રક્રિયાની તપાસ કરવા માટે માર્ગદર્શિકા નક્કી કરવાનો નિર્ણય કર્યો.

મુખ્ય ન્યાયાધીશ ઉદય ઉમેશ લલિતની આગેવાની હેઠળની બેંચે જણાવ્યું હતું કે તે અભિપ્રાય છે કે આ બાબતની સ્પષ્ટતા અને સમાન અભિગમ માટે મોટી બેંચ દ્વારા સુનાવણી કરવાની જરૂર છે, જ્યારે આરોપીને મહત્તમ સજા તરીકે મૃત્યુદંડનો સામનો કરવો પડે છે. પરિસ્થિતિને હળવી કરવાના સંજોગોના સંદર્ભમાં.

ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી બેન્ચે ૧૭ ઓગસ્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ એસ રવિન્દ્ર ભટે ચુકાદો સંભળાવતા કહ્યું કે આ મામલે આદેશ માટે આ મામલો સીજેઆઈ સમક્ષ મૂકવો જોઈએ. તેમણે કહ્યું હતું કે મૃત્યુદંડ ઉલટાવી શકાય તેવું છે અને આરોપીને સજામાં ફેરફાર કરવાની પૂરતી તક આપવી જોઈએ જેથી કરીને કોર્ટ નિષ્કર્ષ પર આવી શકે કે મૃત્યુદંડ યોગ્ય નથી.

સર્વોચ્ચ અદાલતે આ મામલાની સુઓ મોટુ સંજ્ઞાન લીધી હતી અને અવલોકન કર્યું હતું કે મૃત્યુદંડની સજા ધરાવતા ગુનાઓની સજા ઘટાડવાના સંજોગોને ટ્રાયલ સ્ટેજ પર જ ધ્યાનમાં લેવામાં આવે તે સુનિશ્ચિત કરવાની તાતી જરૂર છે.

## ગુજરાત સહિત દેશમાંથી નૈઋત્યના ચોમાસાના વિદાયની તૈયારી

નવીદિલ્હી,

નૈઋત્યનું ચોમાસું હવે તેના વળતા પ્રવાસની તૈયારીમાં છે અને આગામી એક-બે દિવસમાં ગુજરાતમાં અને ચોમાસાના અંતિમ સપ્તાહ પુર્વે દેશભરમાંથી ચોમાસું પાછુ ખેચાઈ જશે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચાર માસની નૈઋત્યના ચોમાસાની યાત્રાનો અંત આવી ગયો છે અને રાજસ્થાન, ગુજરાત અને ઉત્તર પશ્ચિમના ક્ષેત્રોમાંથી ચોમાસુ પરત ખેચાવા લાગશે. જો કે ચોમાસાના અંતે મહારાષ્ટ્રના વિદર્ભ, છતીસગઢ અને પુર્વીય મધ્યપ્રદેશમાં ૨૧-૨૨ સપ્ટે. ઓડીસા-ઉતરી આંધ્રપ્રદેશ અને તેના કિનારાના ક્ષેત્રો પશ્ચિમ બંગાળ તથા ગંગાના મેદાની ક્ષેત્રોમાં તા.૨૧ સપ્ટેમ્બર સુધી વરસાદ રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ર્ચીમ ભારતમાં નીચા હવાના દબાણ વાળા ક્ષેત્રમાં ચક્રવાત વિરોધી સ્થિતિના કારણે આગામી પાંચ દિવસમાં પશ્ચિમી રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં સૂકા હવામાનની સ્થિતિ છે. જેથી ચોમાસુ પરત જવા માટે સાનુકુળ પરીસ્થિતિ બની છે.

દેશમાં સામાન્ય રીતે ૧ સપ્ટેમ્બરથી ચોમાસુ પાછુ ખેચાય છે પણ છેલ્લા થોડા વર્ષોથી ચોમાસાએ તેની વિદાયની પેટર્ન બદલી છે. તા.૧ સપ્ટે. બાદ જે રીતે નવી ચોમાસુ સીસ્ટમ બની તેનાથી આ વર્ષે ચોમાસુ વિદાય લેવાની ઉતાવળમાં નહી હોવાના સંકેત મળ્યા હતા. હવામાન ખાતાએ સપ્ટેમ્બર માસના બાકીના દિવસોમાં થનારા સંભવિત વરસાદને ખ્યાલમાં રાખીને ચોમાસુ આ વર્ષે લાંબાગાળાની સરેરાશ મુજબ ૧૦૯% રહેવાની ધારણા દર્શાવી છે. જો કે દેશના અનેક ભાગોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ છે. સપ્ટેમ્બર માસમાં સરેરાશ ૧૬૭.૯ મી.મી. વરસાદની શકયતા છે.

ચોમાસુ આ વર્ષે મધ્ય ભારતમાં ૧૦ દિવસ મોડુ પહોંચ્યું હતું અને ઉત્તર પશ્ચિમ ભારતમાંથી વિદાય લેતા ૧૦-૧૫ દિવસ વિલંબ કરશે જેથી રવિપાકને ખાસ કરીને ઉત્તર ભારતમાં લાભ રહેશે.

## કેદારનાથ મંદિરના ગર્ભગૃહમાં ભક્તોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો

કેદારનાથ,

કેદારનાથ મંદિરના ગર્ભગૃહમાં સોનાનો ઢોળ ચડાવવાની કામગીરી અને શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થવાને કારણે ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મંદિર સમિતિની બેઠક પેવેલિયનમાંથી જ લોકોને બાબા કેદારના દર્શન કરાવવામાં આવી રહ્યા છે. છેલ્લા ૪ દિવસથી દરરોજ સરેરાશ ૧૦,૦૦૦ થી ૧૩૦૦૦ શ્રદ્ધાળુઓ કેદારનાથ પહોંચી રહ્યા છે. તેથી મંદિર સમિતિએ ગર્ભગૃહમાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. શ્રદ્ધાળુઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને બપોરે ૧૨.૩૦ થી સવારે ૫ વાગ્યા સુધી વિશેષ પૂજા કરવામાં આવી રહી છે. સામાન્ય મુસાફરોને પણ રાત્રે ૯ વાગ્યા સુધી દર્શન કરાવવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે તીર્થયાત્રી પુજારીઓએ સોનું ચઢાવવાનો વિરોધ કરતા કહ્યું છે કે આ પ્રક્રિયામાં મોટા ડ્રિલિંગ મશીનોના ઉપયોગને કારણે મંદિરની દિવાલોને નુકસાન થઈ રહ્યું છે. પ્રખ્યાત મંદિરની દિવાલો ચાંદીના અસ્તરથી ઢંકાયેલી હતી, જેને દૂર કરીને સોનાથી બદલવામાં આવી રહી છે.જો કે, પૂજારીઓ આ મુદ્દે વિભાજિત છે, કારણ કે કેટલાક વરિષ્ઠ પૂજારીઓ મંદિરના ગર્ભગૃહની અંદર ચાલી રહેલા પુનઃસંગ્રહ કાર્યની તરફેણમાં છે. મંદિરના વરિષ્ઠ પૂજારી શ્રીનિવાસ પોસ્ટી અને કેદાર સભાના ભૂતપૂર્વ પ્રમુખ મહેશ બગવાડીએ જણાવ્યું હતું કે મંદિર સનાતન આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે અને તેની દિવાલો પર સોનાનો ઢોળ હિંદુ માન્યતાઓ અને પરંપરાઓ અનુસાર છે.

## કોરોનાના ૪૮૫૮ નવા કેસ, ૧૮નાં મોત

નવીદિલ્હી,

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૫૮ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ લોકોનાં મોત થયાં છે. દેશમાં અત્યાર સુધીમાં ૨૧૬.૭૦ કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૪,૪૫,૩૯,૦૪૬ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે.દેશમાં અત્યાર સુધી ૫,૨૮,૩૫૫ લોકોનાં મોત થયાં છે. દેશમાં અત્યાર સુધી આ ખતરનાક બીમારીને ૪,૩૯,૬૨,૬૬૪ લોકો માત આપી ચૂક્યા છે.

પાછલા ૨૪ કલાકમાં ૪૭૩૫ લોકો કોરોના સંક્રમણથી ઠીક થયા છે. દેશમાં કુલ સક્રિય લોકોની સંખ્યા ૪૮,૦૨૭એ પહોંચી છે. જેથી કોરોનાથી સંક્રમિત થવાની શક્યતા ૦.૧૧ ટકા છે. દેશમાં હાલ રિકવરી રેટ વધીને ૯૮.૭૧ ટકાએ છે, જ્યારે મૃત્યુદર ઘટીને ૧.૧૯ ટકા થયો છે, એમ આરોગ્ય મંત્રાલયે માહિતી આપી હતી.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા ગઈ કાલે ૧,૭૫,૯૩૫ લોકોનાં સેમ્પલનાં ટેસ્ટિંગ થયાં છે. દેશમાં અત્યાર સુધી ૮૯.૧૩ કરોડ કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા છે. દેશમાં દૈનિક પોઝિટિવિટી રેટ ૧.૩૬ ટકા છે. સાપ્તાહિક સંક્રમણ દર ૨.૫૫ ટકા છે.

દેશમાં અત્યાર સુધીમાં ૨,૧૬,૭૦,૧૪,૧૨૭ લાખ કોરોનાની રસી આપવામાં આવી ચૂકી છે. ગઈ કાલે ૧૩,૫૯,૩૬૧ લોકોને રસી આપવામાં આવી હતી.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

હરિજન ચેતનકુમાર બાબુભાઈ

તરફથી અભીનંદન....

મુ. ઉચવણ, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

નાયકા શંકરભાઈ રાયસિંહ

તરફથી અભીનંદન....

મુ. પ્રાંચીયાશાળ, તા. દે.બારીઆ, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાની ૩ વિધાનસભામાં કોંગ્રેસમાં ચૂંટણી લડવા ૩૭ મુરતિયા તૈયાર થયા

લુણાવાડા,

વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના મહિના બાકી છે, ત્યારે કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી માટે કવાયત હાથ ધરી છે. જેના ભાગરૂપે લુણાવાડા ૪૨ પાટીદાર સમાજ ભવન ખાતે મહીસાગર જિલ્લાની ૩ વિધાનસભા દીઠ ચૂંટણી લડવા ઇચ્છુકો પાસેથી બાયોડેટા મેળવ્યા હતા. કુલ ૩૭ ઉમેદવારોએ ટિકિટ માટે દાવો કર્યો છે. જેમાં સૌથી વધુ લુણાવાડા માટે ૨૨, સંતરામપુર માટે ૮ અને બાલાસિનોર માટે ૭ ઉમેદવારે ટિકિટ માંગી હોવાનું મીડિયા સેલના સૂત્રોએ જણાવ્યું હતું. મહીસાગર જિલ્લામાં વિધાનસભા ચૂંટણી માટે રાજકીય પાર્ટીઓ પ્લેટફોર્મ બનાવવા લાગી છે. આવામાં પક્ષમાંથી ટિકિટ માટે સંભવિતોએ લોબિંગ પણ શરૂ કરી દીધું છે. કોંગ્રેસ દ્વારા જિલ્લાની ત્રણેય વિધાનસભા સીટ માટે ઉમેદવારોના બાયોડેટા લેવાયા હતા. ૪૨ પાટીદાર ભવન ખાતે ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીની આગેવાનીમાં વિધાનસભાની ચૂંટણીના અનુલક્ષીને મિટિંગ યોજવામાં આવી. જેમાં મહીસાગર જિલ્લાના તમામ કોંગ્રેસ કાર્યકરો સમક્ષ વિધાનસભા ચૂંટણી લડવા માગતાં કાર્યકરોએ તેમની રાજકીય કારકિર્દી સાથે બાયોડેટા સુપરત કર્યા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પ્રભારી આ બાયોડેટા હવે પ્રદેશ સમિતિને મોકલી આપશે. જ્યાં સ્ક્રૂટિની બાદ ત્રણ નામોની પેનલ બનાવી કેન્દ્રીય ચૂંટણી સમિતિને મોકલી અપાશે. કોંગ્રેસ દ્વારા આ વર્ષે ઉમેદવારોની યાદી વહેલી જાહેર કરવા અત્યારથી કવાયત હાથ ધરી હોવાનું લાગી રહ્યું છે.

### લુણાવાડા વિધાનસભા માટે કોંગ્રેસના ૨૨ લોકોએ ટિકિટની માંગણી કરી....

(૧) ગુલાબસિંહ ચૌહાણ, (૨) રૂપલબા ગજેન્દ્રસિંહ સોલંકી, (૩) પ્રેમબા હાડા, (૪) પી. એમ. પટેલ, (૫) હર્ષદ પટેલ, (૬) સુરેશભાઈ પટેલ, (૭) જયેન્દ્રસિંહ સોલંકી, (૮) અજય સિંહ ચૌહાણ, (૯) રાકેશ પંડ્યા, (૧૦) કૌશિક જોશી, (૧૧) પી.કે. ડામોર, (૧૨) હિતેશ પટેલ, (૧૩) કમલ ખાંટ, (૧૪) જગદીશ ખાંટ, (૧૫) ગુણવંત પટેલ, (૧૬) ભરત કે પટેલ, (૧૭) ફજલ રસીદ, (૧૮) અશ્વિન બામણીયા, (૧૯) કમલેશ ડામોર, (૨૦) હર્ષાબેન અશ્વિનભાઈ ડામોર, (૨૧) ભરતભાઈ નાનાભાઈ પટેલ, (૨૨) એલ.કે. વણકર.

### સંતરામપુર વિધાનસભા

(૧) જી.એમ.ડામોર, (૨) ઝવેરભાઈ ખરાડી, (૩) ભરતભાઈ ડીંડોર, (૪) શીલાબેન નીનામા, (૫) કોકીલાબેન ડામોર, (૬) મહેન્દ્રભાઈ સંગાડા, (૭) ડોક્ટર યોગેશ પગી, (૮) હેમેન્દ્રસિંહ ડામોર.

### બાલાસિનોર વિધાનસભાના ઉમેદવાર

(૧) ઉદયસિંહ ચૌહાણ, (૨) અજીતસિંહ ચૌહાણ, (૩) રાધુસિંહ પરમાર, (૪) સમીરભાઈ શેખ, (૫) તખતસિંહ સોઢા, (૬) એલ એસ ઝાલા, (૭) નારાયણભાઈ પટેલ.

## સંતરામપુર લીમડા મુવાડી ૬૬ કેવી સ્ટેશનના આઉટ સોર્સીંગ કર્મચારીઓ વિવિધ માંગણીને લઈ આવેદન આપ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

અમે સંતરામપુર તાલુકાના લીમડા મુવાડી ૬૬ સ સેન્ટરના કર્મચારીઓ જેટકો આઉસોર્સિંગ માં કામ કરીએ છીએ. અમે લોકો ટેકનિકલ ફિલ્ડ માં અને હાઈ વોલ્ટેજ માં રિસ્ક ઉપર કામ કરીએ છીએ, તો પણ અમને કોઈ રિસ્ક આલાઉન્સ આપવામાં આવતું નથી અને અલગ અલગ સબ સ્ટેશન પર અલગ ૭૮૦૦, ૮૦૦૦, ૮૨૦૦, ૮૪૦૦, ૮૫૦૦, ૮૬૦૦ મહિના નો પગાર આપી ને અમારૂં શોષણ કરવામાં આવે છે. જેના માટે અમે કલેકટર ને અને અમારા ડિવિઝન ના જેટકો ના એક્સિક્યૂટિવ એન્જિનિયર ને પણ આવેદન આપ્યું અને ધરણાં પણ કર્યા ત્યાં સુધી આમરી માંગોનું નિરાકરણ આવ્યું નથી. તો અમારા જેટકો આઉટસોર્સિંગના સંગઠન મુજન અમે ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ થી પેન ડાઉન કરેલ છે. જે અમારા મુદ્દાઓનું નિરાકરણ નહીં આવે ત્યાર સુધી ચાલુ રહેશે.

### મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો અને જિલ્લા/તાલુકા સેવા સદન કે કોઈપણ

## સરકારી કચેરીઓની બહાર કે સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આઈ.સુથાર જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૦૧/૧૦/૨૦૨૨ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને, જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય અને સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સપેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

## શહેરાના ગોકળપુરા ગામે મહંત વિનોદચંદ્ર મહારાજના હસ્તે સંબધોની સેલ્ફી પુસ્તકનું વિમોચન કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ગોકુળપુરા ગામ ખાતે મહંત વિનોદચંદ્ર મહારાજના હસ્તે સ્વ. ખાતુભાઈ લલ્લુભાઈ પટેલની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ડો. મિહિર એચ.પટેલ એ લખેલ પ્રથમ પુસ્તક સંબંધોની સેલ્ફીનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લેઉઆ પટેલ સમાજના અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં આ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરા તાલુકાના ગોકુળપુરા ગામ ખાતે મહંત વિનોદચંદ્ર મહારાજ ડાકોર ગુરૂગાદીની પાવન ઉપસ્થિતિમાં સ્વ. ખાતુભાઈ લલ્લુભાઈ પટેલની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ડો. મિહિર એચ. પટેલ પ્રથમ પુસ્તક સંબંધોની સેલ્ફીનું વિમોચન તેમજ સ્વરસાધક મેહુલભાઈ બી. પટેલને ગુરૂજીના હસ્તે સ્વરસાધના સન્માન પુરસ્કાર ૨૦૨૨ અર્પણ કરવામાં આવ્યો અને સત્સંગનું અમૃતપાન કરી ધાર્મિકતા અને એકતાનું સુત્ર ચરિતાર્થ કર્યું છે. તેમજ પુસ્તક અંગે વાત કરવામાં આવે તો સંબંધો વિશેનું આ પુસ્તક આપણા સંબંધોને પ્રોત્સાહન અને પોષણ આપે છે. આ પુસ્તકનો એક અંશ મૂકીએ તો ડો. મિહિર લખે છે કે ''આંખ બંધ કરીને ભરોસો કરતાં પહેલાં ખુલ્લી આંખે માણસ અને સંબંધ બંનેને બરાબર ચકાસી લેવા કારણ કે ચકાસણી વિના આપેલી પરવાનગી પસ્તાવો આપીને જાય છે. આવી જ ઘટનાઓ સંબંધોના હરિયાળા મેદાનને યુદ્ધભૂમિ બનાવે છે.'' આવી અનેક સ્વીકારવા જેવી અને સમજવા જેવી વાતો પુસ્તકમાં આવરી લેવામાં આવી છે. આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લેઉઆ પટેલ સમાજના અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં આ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ તાલુકાના ડેરોલ રેલ્વે સ્ટેશન ખાતે કોરોના સમય બાદ બે એક્સપ્રેસ ટ્રેનનું પુનઃ સ્ટોપેજ કરાવતા લોકોમાં ખુશીનો માહોલ



કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ખાતેના ડેરોલ જકશન આવેલ છે. દિલ્હી મુંબઈ ને જોડતા રેલ્વે ટ્રેક પર બાંદ્રા–બરોની–બાંદ્રા ૧૯૦૩૮ તેમજ ગાંધીનગર–ઈન્દોર–ગાંધીનગર ૧૯૩૧૦ એકસપ્રેસ આમ બે ટ્રેનો કોરોના સમયકાળ દરમ્યાન બંને ટ્રેનોના સ્ટોપેજ ડેરોલ રેલવે જંકશન ખાતે બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ બે વર્ષ ના કોરોના કકાડ બાદ ડેરોલ રેલવે સ્ટેશન ખાતે સ્થાનિક લોકો તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા રેલવે તંત્રને પુનઃ બન્ને ટ્રેનોના સ્ટોપેજ કરવા માટે રજૂઆત કરી હતી. જેના પગલે સોમવારની સાંજે ડેરોલ રેલ્વે ટ્રેક પરથી પસાર થતી બાંદ્રા–બરોની–બાંદ્રા ૧૯૩૧૦ ને પુનઃ સ્ટોપેજ આપવામાં આવ્યું હતું. રેલ્વે એસ.સી.એમ. નીલમ ચૌહાણ, પશ્ચિમ રેલવે સમિતિના પ્રમુખ વિનોદભાઈ બ્રહ્મભટ્ટ, પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, કાલોલ તાલુકા મંડળ પ્રમુખ નરેન્દ્રભાઈ ગોહિલ, તેમજ સ્થાનિક આગેવાનો એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ કરી ફુલહાર ચઢાવી ડ્રાઈવરનું મોં મીઠું કરાવી મુસાફરોના દિલ જીત્યા હતા. જો કે સદર કામગીરીમાં ડેરોલ સ્ટેશન ખાતેના પશ્ચિમ રેલવે પ્રમુખ વિનોદભાઈ બ્રહ્મભટ્ટ, તેમજ પંચમહાલ જિલ્લા સાંસદ રતનસિંહ રાઠોડ દ્વારા અવાર–નવાર રેલવે તંત્રને રજૂઆત કરી પુનઃ સ્ટોપેજ આપવી કાલોલ તાલુકાની પ્રજા નો દિલ જીત્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાઉદી વ્હોરા સમાજની મૂકબધિર અને મંદબુદ્ધિની યુવતીનું અપહરણ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. જેનો રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદના પ્રમુખ, મંત્રી અને સદસ્યો દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે જિલ્લા પોલીસ વડા બલરામ મીનાને આવેદન આપવામાં આવ્યું હતું.

## શું સ્ત્રીને સમજવી અઘરી છે ?


જીજ્ઞા કપુરીયા (નિયતી)

હું કહીશ કે સ્ત્રીને સમજવી નહીં પણ, સ્ત્રી બનવું જ સૌથી અઘરૂ છે! કહેવાય છે ને 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ'. હું કહીશ કે જ્યાં કવિ પણ પહોંચી ન શકે ત્યાં એક સ્ત્રી પહોંચી જાય છે! પરમાત્માએ સ્ત્રીને દૃષ્ટિ જ નહીં દૃષ્ટિકોણ પણ આપ્યો છે.

એનાં આ દૃષ્ટિકોણથી જ ધ્યાનકેન્દ્રીત કરીને ગમે તેવી વિકટ અથવા વિસમ પરીસ્થિતિમાં માર્ગ અવશ્ય કાઢી જ લે છે! બધે જ હેમરૂપી પુષ્પ ખીલવતી જાય છે. જેવી રીતે સોનું અગ્નિમાં તપી ને કુંદન બને છે તેમ સ્ત્રી પણ દુઃખરૂપી અગ્નિમાં તપીને કુંદન બની ગઈ છે. ખરેખર, કુદરતનું સૌથી સુંદર નઝરાણુ હોય તો તે છે 'સ્ત્રી'. ઘણાં લોકો કહે છે, ''સ્ત્રીને સમજવી અઘરી નહીં પણ નામુમકીન છે.'' તો હું એનો જવાબ આપશ કે...

હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!
ક્યારેક રડતી ક્યારેક હસતી,
સ્વ અને સૌ સાથે વાતો હંમેશા કરતી,
હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!

ક્યારેક શીતલ ક્યારેક ઉષ્ણ,
આપે સર્વત્ર ઠંડક તોયે સદા ફળફળતી,
હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!

ક્યારેક નિર્મલ ક્યારેક ઉગ્ર,
પાળે પોષે પણ જો વિફરે તો તારાજ પણ કરતી,
હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!

ક્યારેક જુસ્સો ક્યારેક તુકકો,
જોઈએ એને સદાય ભપકો,
દઈ અમૃત વિષના ઘૂંટએ પીતી,
હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!

હે નર.... તું ના બન ઈશ્વર
બસ નર બન કહે નિયતી,
હા, આ સ્ત્રીને સમજવી બહુ અઘરી!

એક જ સમયમાં અલગ અલગ વિપરીત પરિસ્થિતિમાં થી બહાર નીળવાવની આવડત અને સમજણ જો કોઈનામાં હોય તો તે 'સ્ત્રીમાં છે. સ્ત્રી જેવી લાગણીશીલ અને ત્યાગની દેવી બીજું આ બ્રહ્માંડમાં કોઈ જ નથી. પુરૂષની સફળતા કારણ જ સ્ત્રી છે. ઈતિહાસ ગ્વાહ છે કે સ્ત્રીની પાછળ તો મોટાં મોટાં રજવાડાં ને રાજાઓના રાજપાટ પણ તબાહ થઈ ગયા. આનું ઉદાહરણ હોય તો હાજીકાસમ. તેના પણ ૯૯૯ જહાજ સ્ત્રીના કારણે જ ડુબી ગયા.

સ્ત્રીને સમજવી બહુ મુશ્કેલ છે. કેટલું આશ્ચર્ય છે? હું આ શાશ્વત સમાજના મહાનુભાવો ને એક પશ્ન પુછવા માગું છું શું તમને સ્ત્રીને સમજવામાં તકલીફ પડે છે? અર્થશાસ્ત્રનાં આટાપાટા તો તમે ઉકેલી શકો છો, ગણિતનાં કોયડા તમે ઉકેલી કરી શકો છો, તર્ક શાસ્ત્રમાં P.H.D. કરી શકો છો, આધ્યાત્મિક શિખરો સર કરી શકો છો, વિજ્ઞાનનાં રહસ્યો ઉકેલી શકો છો અને તમને માત્ર સ્ત્રીને જ સમજી નથી શકતાં! હકીકતમાં સ્ત્રી એક સાથે પ્રાચીન અને અર્વાચીન બંને યુગ સાથે જીવે છે! સાસુ–સસરા, પુત્ર–વહુ અને પૌત્ર–પોંત્રીને બધાંને સંભાળી શકે છે! વાકઆતુર્યથી બધાંને ખુશ રાખવાની કળા એક સ્ત્રીમાં જ હોય છે અને તમે માનો એટલી સ્ત્રીને સમજવી અઘરી પણ નથી સાહેબ!

ઘણાં પુરૂષો કહેતાં હોય છે કે સ્ત્રીઓને લાગણીઓ પર કાબુ નથી. એમના પેટમાં એક પણ વાત ટકતી નથી પણ, હકીકતમાં તો પોતાની લાગણીને દબાવીને બીજાના સુખ દુઃખમાં સાથ આપવામાં સ્ત્રીઓએ મહારથ હાસિલ કરી લીધી છે! તો પણ, હંમેશા પુરૂષને સ્ત્રી મનથી બાળક જેવી જરાક બુદ્ધુ, વધુ પડતી લાગણીશીલ, ઉતાવળી, અભિમાની, જિદ્દી ને ઉખાણા જેવી લાગે છે પણ, હકીકતમાં સ્ત્રી એક કલ્પના પાત્ર જેવી છે. જરાક સંભાળપુર્વક સાચવશો તો વારી ઓવારી જશે. સાચે આ અખતરો કરવા જેવો ખરો.. સ્ત્રી પૈસાની નહીં પણ પ્રેમની ભુખ છે. પ્રેમને વશ થઈને અનેક કામ મનેકમને કરવા પડે છે! સ્ત્રી એવી તાકાતથી વિધાતાએ નવાજી કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ, રસ્તો અવશ્ય કાઢી શકે છે પણ, આશ્ચર્ય એ વાતનું છે કે મોટાં મોટા બિઝનેસ એમ્પાયર સંભાળનારો તર્ક , બુધ્ધિ અને જ્ઞાનથી હરીફોને હંફાવનારો, આંખનાં પલકારે માણસનો ઢાળી દેનારો. જગતનો નાથ બનીને વિશ્વને મુઠ્ઠીમાં રાખનારો પુરૂષ કેમ સ્ત્રીને સમજી શકતો નહીં હોય?

સ્ત્રી તો સ્વપન સાથે જીવવાં ટેવાયેલી છે. કદાચિત એટલે જ્યારે એની લાગણી પર પ્રહાર થાય ત્યારે તે નિઃશબ્દ અથવા તો શબ્દ રૂપી આંધી બની ને પ્રાટકે છે. સ્ત્રી એ કોઈ બ્રેઈનલિપિ નથી કે એને સમજવા માટે સ્પર્શની જરૂર પડે! તમારા પ્રેમ રૂપી ૨ શબ્દ પર પણ એ વારી જાય છે પણ, અફસોસ પુરૂષ કોઈ દિવસ સ્ત્રીની પ્રશંસા કરતો જ નથી! કદાચિત એનો અહમ આડો આવતો હશે ? આપણાં પુરાણોમાં પણ લખ્યું છે કે જ્યારે પણ આ ધરા પર આસુરીવૃતિનો પ્રકોપ વધ્યો છે, ત્યારે સ્ત્રીએ જ શક્તિરૂપી આ ધરાને એનાથી મુક્ત કરી છે. દેવતાંઓએ પણ શક્તિ રૂપી સ્ત્રીનું આહવાન કર્યું છે.

તમે જરા વિચાર તો કરો કે ૨૪ કલાક બીજાના માટે જ હસતાં મોઢે પોતાને સમર્પિત કરનારી સ્ત્રીને આપણા તરફથી શું મળે છે? આપણે શું આપીએ છે? આનો જવાબ તમારા મન પાસેથી તમને મળી જશે. સ્ત્રી પર વધારે અત્યાચાર તો આ મોબાઈલે કર્યો છે. હંમેશા કંઈને કંઈ હાસ્યસ્પદ Comments સ્ત્રીઓ પર થતી રહે છે! આવા લોકોને મને એક સવાલ થાય છે વધારે નહીં પણ એકવાર સ્ત્રી બનીને તો જુઓ, ત્યારે તમને સમજાશે કે સ્ત્રી બનવું કેટલું કઠીન છે!

સ્ત્રીને સમજવા માટે જો જરૂર હોય તો તે છે લાગણીની. જેનો જગત જમાદાર બનીને ફરતાં પુરૂષો પાસે એનો અભાવ છે. સ્ત્રી અને પુરૂષોમાં હંમેશા એક વિરોધાભાસ તો રહેવાનો કે સ્ત્રીઓ દિલથી વિચારે છે, જ્યારે પુરૂષો દિમાગથી આમાં અમુક અપવાદ પણ હોય છે.

આધુનિક યુગમાં પુરૂષો સ્ત્રીને સમજી રહયાં છે કારણ, આ શાશ્વતયુગમાં સ્ત્રીઓ પુરૂષ સમોવડી બનતાં શીખી ગઈ છે. અને કદાચિત એટલે જ પુરૂષ ઓછેવંતે અંશે એને સમજતો થઈ ગયો છે. કદાચિત આ જ કલયુગ થી સતયુગ તરફનો પ્રથમ તબક્કો હોય.....

## દાહોદ રામનગર વિસ્તારમાં જુગર રમતા પાંચ જુગારીયાને ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરના રામનગર વિસ્તાર ખાતે જાહેરમાં ખુલ્લી જગ્યામાં પાના પત્તા વડે હારજીતનો જુગાર રમી રહેલા પાંચ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ જડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપિયા ૧૦,૭૬૦/– સાથે પાંચેય જુગારીઓને જેલ ભેગા ક્ર્યા હોવાનું જાણવા મળે છે. ગત તારીખ ૧૮ મી સપ્ટેમ્બર ના રોજ દાહોદ શહેરમાં આવેલ રામનગર વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં રમાતા જુગાર ધામ પર પોલીસે ઓચિંતો છાપો મારતા જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યા હતા. પોલીસે જુગાર રમી રહેલા કિરણભાઈ કાંતિલાલ ચાવડા, ગગન રાજુભાઈ પલાસ, લાલાભાઈ કીકાભાઈ ગણાવા, વિજયભાઈ સનાભાઇ પરમાર અને મુકેશભાઈ લુણીયાભાઈ અર્જુનિયાનાઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડપી અને દાવ પરથી કુલ રોકડા રૂપિયા ૧૦,૭૬૦/– સાથે પાંચેય જુગારીઓને જેલ ભેગા કરી દાહોદ એ ડિવિઝન પોલીસે ઉપરોક્ત જુગારીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આપણને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડામાં ગરબા ડીજે ની જગ્યાએ તેના મૂળ સ્વરૂપમાં થાય તેવી લોક માંગ

ગરબાડા,

વર્ષો પહેલા ગરબાડા નગરમાં માત્ર માતાજીના ચોકમાં જ દીવડા પ્રગટાવીને માત્ર એક જ માઈક ઉપર માતાજીના ગરબાની રમઝટ જામતી હતી અને માત્ર બહેનો જ આ ચોકમાં ગરબા રમતી હતી. મધ્યરાત્રી બાદ ત્રણ તાળીના ગરબા તેમજ રાસ ચાલુ થતા હતા. રતિલાલભાઈ દવે દ્વારા ભાઈ–બેન ચાલ્યા મોસાળ જેવા ગરબા બે બે કલાક સુધી ચાલતા હતા. સમય જતા ગામના મેન બજારમાં પણ ગરબા ચાલુ થયા જોકે, અંદાજીત પાછલા દસ બાર વર્ષથી મેઈન બજારના ગરબા બંધ કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ અંદાજિત ૧૫ એક વર્ષથી ગરબામાં ગાયકોનું સ્થાન ડીજે એ લીધું છે. જેના કારણે ધ્વનિ પ્રદૂષણ થાય છે. તે સમયે માતાજીની સુંદર મજાની ઝાંખીઓ બનાવવામાં આવી આવતી હતી. છેલ્લા દિવસે ૫૬ ભોગના પ્રસાદ ધરાવવામાં આવતા હતા અને એક અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળતો હતો. જે ગરબા ફરીથી તેના મૂળ સ્વરૂપમાં આવે તેવું નગરની પ્રજા ઈચ્છી રહી છે.

## આપની આજ.......

મેષ : આજે તમારે ભોજન પર વધુ ધ્યાન આપવું જોઈએ. ઘરની બહાર જમવાનું ટાળો. ઓફિસમાં તમારા વિરોધીના કાવતરાથી સાવધાન રહો. આજે ખર્ચ પણ વધુ થશે.

વૃષભ : આજનો દિવસ સારો છે. આજે કોઈ પ્રેમી સાથે મુલાકાત માટેની તક મળશે. તેનાથી મન પ્રસન્ન થશે. દિવસભર ઉત્સાહ રહેશે. ધંધામાં થોડી મૂંઝવણને લીધે ધનલાભના માર્ગમાં અવરોધ આવી શકે છે.

મિથુન : આજનો દિવસ થોડો ધીમો છે. ઓફિસમાં કામ કરવાની ઉતાવળ ના કરો નહીં તો નુકસાન થશે. જો તમે તેને સરળતાથી ધીરે ધીરે કરો છો તો તમને લાભ થશે. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ.

કર્ક : આજનો દિવસ થોડો સાવધાનીપૂર્વકનો છે. આસપાસના લોકો સાથે દલીલોમાં સામેલ ના થવું, નહીં તો કોઈ વિવાદ થઈ શકે છે.

સિંહ : નાના ઝઘડાઓ દિવસના પહેલા ભાગમાં રહેશે. પરંતુ તમારી બુદ્ધિથી તે જલ્દીથી પાર પાડવામાં આવશે. વધતા ખર્ચા પર નિયંત્રણ રાખશો. જો તમે સખત મહેનત કરો છો અને તમારા વર્તનમાં સુધારો કરો છો તો તમને ફાયદો થશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. વિરોધી જાતિના લોકો સાથે સમય સારો રહેશે. પ્રામાણિકપણે બંધાયેલા તમારા સંબંધો લાંબા સમય સુધી ચાલશે. આજે કેટલાક લોકોનું નસીબ ચમકી શકે છે.

તુલા : તમારા માટે આજનો દિવસ સારો છે. રાજકીય પ્રવૃત્તિઓમાં વધારો થશે. અનુભવી વ્યક્તિથી ફાયદો થાય છે. પરંતુ તેમાં પૈસા ખર્ચ થશે. ભણવામાં રસ રહેશે. સ્વાસ્થ્ય ચિંતાજનક રહેશે, પરંતુ ખાવા પીવામાં ધ્યાન રાખો.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે. આજે તમે જે પણ કાર્ય કરો છો તે સખત મહેનત અને પ્રામાણિકતાથી કરો છો અને તેના શુભ પરિણામો મળશે. આ સિવાય આજે જીવનસાથી સાથે સાંજનો ખાસ કાર્યક્રમ પણ બનાવી શકાય છે.

ધનુ : આજનો દિવસ ખૂબ જ ફળદાયી છે. આજે થોડી મહેનતને લીધે આદરનો યોગ સર્જાઈ રહ્યો છે. તમારા સારા વર્તનથી નવા મિત્રો બનશે અને નવા પ્રોજેક્ટ પર કામ પણ શરૂ થશે.

મકર : આજનો દિવસ આનંદકારક રહેશે. કાર્યક્ષેત્રમાં લાભની તક મળશે. પ્રભાવશાળી વ્યક્તિ પર પૈસા ખર્ચ થશે. ભણવામાં રુચિ રહેશે. આજે જીવનની દિશા નવો વળાંક લેશે. પ્રવાસનો યોગ રચાઈ રહ્યો છે.

કુંભ : આજનો દિવસ ભાગ્યશાળી રહેશે. ધંધા અને રોકાણ સંબંધિત કામમાં ચાલી રહેલી સમસ્યાઓનો અંત આવશે. વિશેષ લોકોના સહયોગથી કેટલાક નવા કામ શરૂ થઈ શકે છે. આજે તમને મુસાફરી અને મનોરંજનનો આનંદ મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે અનેક સમસ્યાઓ ઉકેલાઈ રહી છે. આજે પૈસા અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ ઉકેલાશે. સાંજે તમે કોઈ વિશેષ વ્યક્તિ સાથે પરિચય કરશો અને ધંધામાં લાભ થશે. કંઈક ખાસ ખોવાઈ જવાથી સમસ્યાઓ થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ સ્ટેશન રોડ ઉપર દુકાન માંથી લુંટ કરવાના મામલે આરોપી મહારાષ્ટ્ર માંથી ઝડપી પાડયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં સ્ટેશન રોડ પર આવેલ એક મોબાઈલની દુકાનમાં ધોળા દિવસે એક લૂંટારૂ દ્વારા દુકાનદારને બંદૂકની અણીએ રૂા.૫૦,૦૦૦/- ઉપરાંતની રોકડેની લૂંટ કરી લઈ નાસી ગયા ના બનાવ મામલે સમગ્ર દાહોદ શહેરમાં ચર્ચા નથી જોવા પામી હતી. ત્યારે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એલસીબી પોલીસની તપાસનો ધમધમાટ આરંભ કરતા લૂંટ ચલાવનાર આરોપીને મહારાષ્ટ્ર રાજયમાંથી ઝડપી પાડી દાહોદ મુકામે લઈ આવી હતી અને જેલ કરી દીધો હતો. ઝડપાયેલ લૂંટારૂ પાસેથી પોલીસે રોકડ રૂપિયા સહિત માઉઝર પિસ્તોલ, બે જીવતા કારતુસ વગેરે મળી કુલ રૂપિયા ૭૮,૫૯૯/- નો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

થોડા દિવસ પૂર્વે દાહોદ શહેરમાં ૨૪ કલાક ધમધમતા એવા સ્ટેશન રોડ વિસ્તાર ખાતે આવેલ એક મોબાઈલની દુકાનમાં એક લૂંટારો દ્વારા બંદૂકની અણીએ દુકાનદાર માલિક મુસ્લિમ ભાઈ ઝુમ્મરવાલાને બાનમાં લઈ ૫૬,૭૦૦/- ની રોકડ રકમની લૂંટ ચલાવી લૂંટારૂ મોટર સાયકલ લઈને નાસી ગયો હતો. ઘટનાને પગલે દાહોદ શહેરમાં પામી હતી ત્યારે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઇ દાહોદ જિલ્લા પોલીસવડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ એલસીબી પોલીસે આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ આરંભ કરતા પોલીસે લુટારૂની મોટરસાયકલનો નંબર જે મહારાષ્ટ્ર પાર્સિંગનો હતો અને દુકાનદાર પાસેથી એક મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો. તે મોબાઈલ ફોનના ટેકનિકલ સોર્સ મારફતે અને મહારાષ્ટ્રના આરટીઓ વિભાગમાં મોટરસાયકલના નંબરની તપાસ હાથ ધરતા દાહોદ એલસીબી પોલીસને મહત્વની કડીઓ મળી હતી અને આરોપી લૂંટારૂ મહારાષ્ટ્રમાં હોવાનું પોલીસને જાણમાં આવ્યું હતું. પોલીસે અલગ અલગ ટીમો બનાવી તાબડતોડ દાહોદ એલસીબી પોલીસ મહારાષ્ટ્ર મુકામે પહોંચી હતી અને મહારાષ્ટ્ર ખાતેથી લૂંટારૂ આરોપીના ઝડપી પાડી દાહોદ મુકામે લઈ આવી હતી. જ્યાં આરોપી લૂંટારૂ લૂંટારોની સઘન પૂછપરછ કરતા તેને પોતાનું નામ શંકર સુરેશ કોસ્ટી જણાવ્યું હતુ અને તે મૂળ મહારાષ્ટ્રનો રહેવાસી અને હાલ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતો હોવાનું પોલીસ સમક્ષ સામે આવ્યું હતું. પોલીસે તેની રોકડા રૂપિયા ૨૨,૦૦૦/-, એક મોટરસાયકલ, માઉઝર પિસ્તોલ, બે જીવતા કારતુસ અને દુકાનદાર પાસેથી પૈસાની સાથે સાથે લૂંટી લીધેલ એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૭૮,૫૯૯/-નો મુદ્દામાલ પોલીસે કર્યો હતો. ઝડપાયેલ આ લૂંટારો દાહોદ શહેરમાં અગાઉ તારીખ નવમી સપ્ટેમ્બરના રોજ એક મોબાઈલની દુકાનમાંથી એક ૨૦ હજાર ઉપરાંતની કિંમતના મોબાઈલની ચોરી પણ કરી હોવાનું પોલીસ સમક્ષ ઝડપાયેલ લુટારૂ દ્વારા કબુલાતમાં બહાર આવ્યું હતું.

### અપહરણ, ખંડણી જેવા ગુનાહિત ઈતિહાસ ધરાવતો શંકર જેલમુક્ત થયાં બાદ બન્યો લૂંટારો

મહારાષ્ટ્રના ભૂલવણનો રહેવાસી શંકર કોષ્ટિ સાત વર્ષ અગાઉ મોજ શોખના રવાડે ચડી ગુનાખોર બન્યો હતો. ૨૦૧૫માં મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં એક વ્યક્તિનું અપહરણ કરી ખંડણી માંગવાના કેસમાં ઝડપાયા બાદ ૩૬ માસ જેલ કારાવાસ ભોગવ્યા બાદ જામીન પર મુક્ત થયો હતો અને ત્યારબાદ પોતાની મોટરસાયકલ તેમજ માઉઝર પિસ્તોલ લઈ દાહોદ જિલ્લામાં આવ્યો હતો. ત્યારબાદ થોડેક વર્ષ લીમખેડા મુકામે રહ્યો હતો અને ત્યારબાદ ઝાલોદ તાલુકાના લીમડી મુકામે રહેવા આવ્યો હતો અને એક જ મહિનામાં ચોરી અને લૂંટની ઘટનાને અંજામ આપવામાં સફળ રહ્યો હતો.

### લૂંટને અંજામ આપ્યા બાદ ભાગવાની લ્હાયમાં ફેંકેલો સમાન જ પોલીસ માટે લૂંટારા સુધી પહોંચવાનું પગેરૂં સાબિત થયું

સ્ટેશન રોડ પર મોબાઈલની દુકાનમાં લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ બાઈક પર ભાગવાના ચક્કરમાં આરોપી શંકર પોતાની સાથે લાવેલો સમાન ફેંકીને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પરંતુ પોલીસે તેને મોટરસાયકલનો નંબર, કોસ્મેટિકનો સામાન, તેમજ સીસીટીવી કેમેરા તથા હ્યુમન અને ટેકનિકલ સોર્સની મદદથી તપાસનો રેલો લીમડી સુધી પહોંચ્યો અને ત્યારબાદ પરિવાર સાથે મહારાષ્ટ્ર તરફ ભાગેલો આ આરોપીને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી રસ્તામાં જ દબોચી સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલ નાખ્યો હતો.

### જુગારની લતમાં દેવાદાર બનેલા શંકરે શોર્ટકટ અપનાવી દેવા માંથી મુક્ત થવા માટે લૂંટને અંજામ આપ્યાનો ઘસ્ફોટક

કોસ્મેટીક ધંધા અર્થે મહારાષ્ટ્ર થી દાહોદ આવેલો શંકરના મોજશોખના લીધે જુગાર રમવાની લતમાં પડ્યો હતો. જ્યાં દેવાદાર બનતા મકાનનું ભાડું તેમજ દેવું ચૂકવવા માટે ગુનાહિત માનસિક ધરાવતા આ આરોપીએ દેવા મુક્ત થવા માટે શોર્ટકટ અપનાવી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો.

## દે.બારીયા નગરના ભે દરવાજા વિસ્તારમાંથી કતલખાનું ઝડપાયું



દે.બારીઆ,
દેવગઢ બારીઆ નગરના ભે દરવાજા વિસ્તારમાંથી રહેણાંક મકાનમાં ચાલતું કતલખાનું પોલીસે ઝડપી પાડી ૫૦ કિલો ગ્રામ કિંમત માસના જથ્થા સહિત ચાર ગાયો અને ચાર બળદોને બચાવી લઈ પોલીસે કુલ રૂપિયા ૧,૫૫,૧૧૦/નો મુદ્દામાલ કબજે કરી તમને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય ત્રણ ઈસમો પોલીસને જોઈ નાસી જવામાં સફળ થયા હતા. દેવગઢ બારીયા નગર સહિત તાલુકામાં અનેક સ્થળોએ મસ મોટા કતલખાનાઓ ધમધમી રહ્યા છે, પરંતુ પોલીસે માત્ર એક કતલખાના પર છાપો મારતા લોકોમાં અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢબારિયા નગરના ભે દરવાજા વિસ્તારમાં રહેણાંક મકાનમાં મોટા પાયે કતલખાનું ચાલતું હોય તેવી સ્થાનિક પોલીસને બાદમી મળતા પોલીસે રેડ કરતા પોલીસની રેડ જોઈને કસાઈઓમાં નાશ ભાગના સર્જાઈ જવા પામ્યા હતા. જેમાં કતલખાનું ચલાવનાર અફઝલ હબીબ મિર્ઝાને પોલીસે ઝડપી પાડ્યો હતો જ્યારે તેની સાથેના અન્ય ત્રણ જેટલા ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે કતલખાનામાંથી ગેરકાયદે રીતે કતલ કરવાના ઈરાદે ઘાસચારા કે પાણીની સગવડ વિના ગળે તથા પગે ટૂંકા દોરા બનતી ક્રુરતા પૂર્વક બાંધેલ ગાયો નંગ-૪ તથા બળદો નંગ-૪ પશુઓને પોલીસે બચાવી લીધા હતા. જ્યારે પશુ માંસ ૫૦ કિલોગ્રામ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ પશુઓને કાપવાના સાધનો તથા સ્થળ પરથી પ્લાસ્ટિકના વાસણો વગેરે મુદ્દા માલ મળી પોલીસે કુલ રૂપિયા ૧,૫૫,૧૧૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો. પોલીસે પકડાયેલ માસના જથ્થાને પૃથકરણ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી ફરાર ઈસમોના ચક્રોગતિમાન કર્યા છે. તેમજ આ કતલખાના ઉપર રેડ થતા અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે આ કતલખાનું ક્યારથી ચાલતું તેવા પણ અનેક સવાલ ઉઠવા પામ્યા છે. દેવગઢ બારીઆ પોલીસ મથકમાં નવા પી.એસ.આઈ.ની નિમણુંક થતા આ કતલખાના ઉપર રેડ કરતા અન્ય કસાઈઓમાં ફફડાટ ફેલાઈ જવા પામેલ છે.

## ફતેપુરા તાલુકા MGVCL કચેરીમાં ફરજ બજાવતા લાઈનમેનનું વાંગડ ખાતે મોટરસાયકલ અકસ્માતમાં કમકમાટી ભર્યું મોત

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં વાહન ચાલકોને મળેલા છૂટા દોરને કારણે નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. તાલુકામાં રાહદારીઓ તથા વાહન ચાલકો સાથે કયું વાહન ક્યારે અકસ્માત નોતરે અને જીવલેણ સાબિત થાય તે કાંઈ નક્કી નથી. સવારે ઘરેથી નીકળી કામ ધંધે જતા લોકો સાંજે સહી સલામત પરત ઘરે ફરશે કે કેમ તે કાંઈ નક્કી નથી. છતાં વાહન ચાલકો પ્રત્યે વહીવટી તંત્રો આંખ આડા કાન કરી રહ્યા છે.

તાલુકામાં દિન-પ્રતિદિન વાહનચાલકોની બેદરકારીના કારણે ચિંતાજનક રીતે વાહન અકસ્માતોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં કેટલાક વાહન ચાલકોની લાપરવાહીથી નિર્દોષ લોકો કાળનો કોળિયો બની રહ્યા છે. જેમાં ફતેપુરા તાલુકામાં શનિવારના રોજ મોટી ઢઢેલી તથા વાંગડ ગામે વાહન અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત નીપજવા પામેલ છે. જેમાં ફતેપુરા સબ ડિવિઝનમાં લાઈનમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીને અજાણ્યા વાહન ચાલકે વાંગડ ગામે અડફેટમાં લઈ અકસ્માત કરતા સારવાર મળે તે પહેલા સ્થળ ઉપર જ કમ કમાટી ભર્યું મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકા એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે લાઈનમેન તરીકે ફરજ બજાવતા ભરતભાઈ ભલાભાઈ પારગી રહે.સલરા ડામોર ફળિયા તા. ફતેપુરા નાઓ શનિવારના રોજ કાળીયા, નાની-મોટી ઢઢેલી, ઘાટાવાડા, લખણપુર વિગેરે ગામડાઓમાં પોતાની ફરજમાં આવતી કામગીરી કર્યા બાદ સાંજના ચારેક વાગ્યાના અરસામાં પરત ફતેપુરા સબ ડિવિઝન ખાતે પોતાની મોટરસાયકલ ઉપર જઈ રહ્યા હતા. તેવા સમયે વાંગડ ગામે સામેથી અજાણ્યા મોટરસાયકલ ચાલકે પુરપાટ અને ગફલત ભરી રીતે રોંગ સાઈડમાં પોતાના કબજાના વાહનને હંકારી લાવી ભરતભાઈ પારગીની મોટરસાયકલ સાથે ધડાકાભેર ટક્કર મારતા ભરતભાઈ જોશભેર જમીન ઉપર પટકાયા હતા. જેથી તેઓને હાથે, પગે, શરીરે તથા માથામાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને સારવાર મળે તે પહેલા જ અકસ્માત સ્થળે જ ભરતભાઈ પારગીનું કમકમાટી ભર્યુ મોત નીપજવા પામેલ હોવાનું જાણવા મળે છે. ઘરના મોભીનું અકાળે અકસ્માતમાં મોત નીપજતા પરિવાર સહિત સ્ટાફમાં હાહાકાર સાથે શોકની લાગણી વ્યાપી જવા પામી હોવાનું જાણવા મળે છે.

અકસ્માત સંદર્ભે મૃતકના પુત્ર ઉમેશભાઈ ભરતભાઈ પારગીએ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી ફરાર મોટરસાયકલ ચાલકની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

## ઝાલોદ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા માછનનાળા કર્મચારીઓના સમર્થનમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું



ઝાલોદ,
આમ આદમી પાર્ટી દાહોદ જિલ્લા ઉપપ્રમુખ અનિલભાઈ ગરાસિયાના નેતૃત્વમાં ઝાલોદ માછણ નાળા પાણી પુરવઠામાં કામ કરતા કર્મચારીઓ છેલ્લા ૧૫ વર્ષથી વધુ સમયથી પોતાની ફરજ બજાવી રહ્યા છે. આ તમામ કર્મચારીઓ કોન્ટ્રાકટ પદ્ધતિ હેઠળ કામ કરતા હોઈ તેમનું શોષણ થઈ રહ્યું છે.

તેમની વિવિધ માંગણીઓ જેવીકે, તેમને કાયમી કરવામાં આવે, પગાર તેમના ખાતામાં આપવામાં આવે, ૨૦૦૬ થી તેમનો પીએફ ગણવામાં આવે, સમાન કામ સમાન વેતન વેગેરે માનગીઓ સાથે ઝાલોદ મામલતદાર મારફતે ગુજરાતના મુખ્યમંત્રીને રજુઆત કરી છે. આમ આદમી પાર્ટી દાહોદ જિલ્લા ઉપપ્રમુખ અનિલભાઈ ગરાસિયા એ જણાવ્યું કે, આવનાર ૧ મહિનામાં કર્મચારીઓને ન્યાય નહિ મળે તો આમ આદમી પાર્ટી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લાયન્સ કલબ ઓફ દાહોદ તથા ધીરજ હોસ્પિટલ પીપરીયા, વડોદરાના સહયોગ દ્વારા મેગા મેડિકલ કેમ્પનું આયોજન તારીખ ૧૮/૦૯/૨૨ સવારે ૧૦ થી ૫ ડોકી પ્રાથમિક શાળામાં રાખવામા આવ્યું હતું. આ કેમ્પમાં જનરલ સર્જન,જનરલ ફિઝિશિયન, હૃદય, હાડકા, કાન-નાક ગળા નારોગો, બાળરોગ, દમ ટીબી શ્વાસના રોગ, આંખ રોગો, ચર્મ રોગો માનસિક રોગોના નિષ્ણાત તબીબો દ્વારા સેવા આપવામાં આવશે. આ કેમ્પમાં જરૂરી હાજર દવાઓ નિઃશુલ્ક આપવામાં આવ્યું હતું. સાથો સાથ કોવિડ-૧૯ની રસી સંદર્ભે બૂસ્ટર ડોઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો લાભ વધુમાં ડોકી ગામ તથા વધુ આજુબાજુના ગામડાંની જનતાને લાભ લેવા માટે લાયન્સ કલબ દ્વારા અપીલ કરવામાં આવી હતી. જે સાર્થક રહી હતી.

## ગરબાડાની તાલુકા કુમાર શાળાને દારૂની મહેફીલ માણવાનો અડ્ડો બનાવતા અમુક અજાણ્યા ઈસમો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા તાલુકાની કુમાર શાળાના પટાંગણમાં જ રવિવારનો હાટ બજાર ભરાતો હોય હજારોની સંખ્યામાં માનવ મહેરામણ અહીંયા એકઠું થતું હોય છે. ત્યારે આવા સમયમાં અમુક અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા શાળાને જ દારૂની મહેફીલ માણવાનો અડ્ડો બનાવી દીધો હોય તેમ લાગી રહ્યું છે. કુમારશાળાના પટાગણમાં રૂમની આગળ દારૂની મહેફીલ માણીને ગંદકી કરી બિરયાની નાખી વોમેટો કરી અને હાડકા પણ ત્યાં જ નાખી દેતા હોવાના કારણે શાળાના શિક્ષકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અજાણ્યા દારૂની મહેફીલ માણી દારૂની ખાલી બોટલો પણ ત્યાં જ મૂકી ગયા હતા. આવા સમયે શાળામાં ભણવા આવતા બાળકોને માનસપટ પર આ વસ્તુની કેટલી ગંભીર અસર થાય છે. તે વિચારી શકાય તેમ છે. પોલીસ મથકની આજુબાજુ જ દારૂના આવા અનેક અડ્ડા જાહેરમાં ધમ ધમે છે, પરંતુ સ્થાનિક પોલીસને આ વસ્તુ જોવાતી નથી, તેમ લાગી રહ્યું છે. છેલ્લા બે રવિવારથી આવું બનતું હોવાનું શાળાના આચાર્ય નરવતભાઈએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, શાળાની પાસે જ દારૂ અને બિરયાની બંને અવેલેબલ છે.

## પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાનું ગૌરવ



લીમખેડા,
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ દાહોદ જિલ્લા કક્ષાના કલામહાકુંભ-૨૦૨૨ માં લોકવાર્તા સ્પર્ધામાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં ધોરણ ચારમાં અભ્યાસ કરતી માવી માનસીબેન રાજુભાઈ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી, દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાનું,પોતાની શાળાનું અને ગામનું નામ રોશન કરવા બદલ શાળા પરિવાર તરફથી દીકરીને ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

## દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઇ



દાહોદ,
જિલ્લા સેવા સદન ખાતેના સભાગૃહ ખાતે આજે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સંકલન સમિતિની બેઠક ભાગ એકમાં ધારાસભ્યઓના પ્રશ્ન લેવામાં આવ્યા હતા. જેમાં કલેક્ટરએ સંબધિત વિભાગના અધિકારીઓને આ પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

બેઠકમાં ધારાસભ્ય વજેસિંહ પણદાએ જનકલ્યાણ સંબધિત વિષયે પૃચ્છા કરી હતી. જેનો સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો. બેઠકમાં કલેક્ટરએ સી.એમ. ડેસ્કબોર્ડ અંતર્ગત આવતી કામગીરીને ખૂબ ગંભીરતાથી કરવા જણાવ્યું હતું. આગામી સમયમાં યોજાનારા ગરીબ કલ્યાણ મેળાનું યોગ્ય આયોજન કરવા તેમણે અધિકારીઓને જણાવ્યું હતું. આ ગરીબ કલ્યાણ મેળામાં વધુમાં વધુ લાભાર્થી નાગરિકોને જોડવા તેમણે જણાવ્યું હતું. કલેક્ટરએ જનવિકાસના વિવિધ કાર્યો ઝડપભેર લોકો સુધી પહોંચતા કરવા યોગ્ય સંકલન સાથે કામગીરી કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, ડીઆરડીએ નિયામક સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ ગરબાડા ચોકડી પાસેથી ફોર વ્હીલ ગાડી માંથી ૫૫ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ શહેરમાંથી પસાર થતા ગરબાડા ચોકડી પાસેથી પોલીસે એક ફોરવીલર ગાડીમાંથી રૂપિયા ૫૫,૪૮૮/- ના વિદેશી દારૂનો જથ્થો જયારે પોલીસને જોઈ નથી જવામાં સફળ રહ્યો હતો.

ગત તારીખ ૧૮મી સપ્ટેમ્બર ના રોજ અરબાજખાન સનાવરખાન પઠાણ નામક વ્યક્તિ પોતાના કબજાની ફોરવીલર ગાડી લઈ ગરબાડા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે પોલીસને મળેલ બાકીના આધારે તેની ગાડીનો પૂછો કરતા પોલીસને જોઈ અરબાઅજખાન પોતાના કબજાની ગાડી સ્થળ પર મૂકી નાસી ગયો હતો. પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બિયરનો કુલ રૂપિયા ૫૫,૪૮૮/- જથ્થો ઝડપી પાડી ઉપરોકત ચાલક વિરૂદ્ધ પ્રોહિનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં દાઉદી વોહરા સમાજની મુકબધીર દીકરી સાથે થયેલ દુષ્કર્મના બનાવને લઈને ગરબાડા બ્રહ્મ સમાજ દ્વારા મામલતદારને આવેદન



દાહોદ,
દાહોદમાં દાઉદી વહોરા સમાજની એક મુકબધીર દીકરી સાથે થયેલ દુષ્કર્મના બનાવને લઈને ગરબાડા બ્રહ્મ સમાજ દ્વારા તારીખ ૧૯ ના ગરબાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, દુષ્કર્મના આરોપીને વહેલામાં વહેલી તકે સમાજમાં દાખલો બેસે તે રીતની કડક સજા કરવામાં આવે જેથી કરી કોઈ પણ અસામાજિક તત્વ ભવિષ્યમાં આવી હિંમતના કરે બ્રહ્મ સમાજ દ્વારા કડક શબ્દોમાં આ ઘટનાની નિંદા કરવામાં આવી છે.

## ઝાલોદ તાલુકા કોંગ્રેસ આગેવાનોની બેઠક દાહોદ મુકામે કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

દાહોદ,
દાહોદ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ઝાલોદ તાલુકા કોંગ્રેસના આગેવાન કાર્યકર્તાઓની મીટીંગ દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઇ નિનામાની અધ્યક્ષતામાં મળેલ હતી. જે મીટીંગમાં ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં આવેલ ૩૭ તાલુકા પંચાયત સિટો અને ઝાલોદ નગરપાલિકામાં ઈન્ચાર્જોની નિમણૂંક કરી નિમણૂંક પત્રો આપી આવનાર વિધાનસભા ચુંટણીમાં ઝાલોદ વિધાનસભાના ૨૮૦ બુથોમાં ઘેર ઘેર જઇ કોંગ્રેસની સરકારે કરેલ દેશના વિકાસના કાર્યો અને ૮ વર્ષની અંદર ભાજપની સરકારે તે કોંગ્રેસ સરકારે કરેલ વિકાસના કામો વેચી કે ગિરવે મુકી દઇ દેશની જનતાને બેરોજગારી/ભ્રષ્ટ્યચાર અને મોંઘવારીના જે ડામ આપવામાં આવી રહેલ છે. તે બાબતે કોંગ્રેસનું કામ બોલે છે ની વાત સાથે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનેતો કોંગ્રેસની સરકાર શું કામ કરશે તે માટે રાહુલ ગાંધી એ આપેલ આંઠ વચનોની જાણ કરી આવનાર સમયમાં ઝાલોદ વિધાનસભામાં કોંગ્રેસ પક્ષનો ત્રિરંગો લહેરાય તે માટે સખત મહેનત કરી કોંગ્રેસ પક્ષને જીત મળે તે માટે જિલ્લા પ્રમુખ હર્ષદભાઇ નિનામા અને ઝાલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઇ ડાંગીનાઓએ નિમણૂંક પામેલ તમામ કાર્યકર્તાઓને હાકલ કરી આજથી જ કામે લાગી જવા સુચના આપવામાં આવેલ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.26

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા મહાલક્ષ્મી ટ્રસ્ટની જમીનમાં અશાંતધારાનો ભંગ કરી બારોબાર વેચાણ કરાયેલ જમીનમાં કોમ્પ્લેક્ષનું બાંધકામ થતાં વિરોધનો વંટોળ

ગોધરા,

ગોધરાના સીટી ટીકા નં.૧૪ના સીટી સર્વે નં.૧૪/૨૮૮/અ પૈકી જમીનો મિલ્કતોના મુળ માલિક મહાલક્ષ્મી માતા ટ્રસ્ટ, ગોધરાના વહીવટદારોની આવેલી છે. આ મિલ્કતો ભાડા પટ્ટે લઘુમતિ કોમના ઈસમો જે જીલ્લા કલેકટર પંચમહાલના મહેસુલી અધિકારીઓ, કર્મચારીઓ તથા ગુજરાત રાજ્ય સરકારશ્રીના અધિકારીઓ સાથે મોટા પ્રમાણમાં લાગવગ ધરાવતા લઘુમતિ કોમના ઈસમો દ્વારા કૌસર કોમ્પલેક્ષ તથા અન્ય કોમ્પલેક્ષો ઉભા કરી કરાવવામાં આવેલ અને તે ધાર્મિક જમીનો લાખો રૂપીયા આપી દુકાનો, રેસીડન્ટ માટે વેચાણ કરી નાખેલ છે. આમ, આ જમીનોમાં (અશાંતધારો) લાગુ પડેલ છે કારણ કે, આ જમીનો મુળ ધાર્મિક આવેલી છે. તેમ છતાં લઘુમતિ કોમના ઈસમો દ્વારા મોટા મોટા કોમ્પલેક્ષો બનાવવામાં આવ્યા છે. જે (અશાંતધારા) અંગેના વધુ કેસો હાલ ચોકી નં.૪ ઉપર પેન્ડીંગો છે. તે કેસોમાં દલાલો, એજન્ટો દ્વારા લાંબી લાંચ રૂશ્વતના આધારે કેટલાક (અંશાતધારા)ના કેસો કાયદા વિરૂદ્ધ પણ ખોટા અભિપ્રાયો આપેલ છે અને હાલ કૌસર કોમ્પલેક્ષ દ્વારા ગંભીર પ્રકારનો હિન્દુ, મુસ્લીમ કોમમાં કોઈપણ પ્રકારનો વિવાદ તથા ભેદભાવ ના થાય ગોધરા પ્રાંત અને નાયબ કલેકટર દ્વારા તા.૮/૮/૨૦૨૨ના રોજ હુકમ કરેલ છે. આ (અશાંતધારા) મિલ્કતોમાં નગર પાલિકા ચીફ ઓફિસર ગોધરા દ્વારા ખોટો જવાબ આપેલ છે. કારણ કે, બાંધકામની મંજુરી મોટી મોટી લાંચો લઈ પરવાનગી આપવામાં આવેલ છે. જો આ મિલ્કતો ધાર્મીક અને (અશાંતધારા) વાળી મિલ્કતો આપવામાં આવશે તો ભવિષ્યમાં હિન્દુ- મુસ્લીમો વચ્ચે ભાઈચારો, વાદ-વિવાદો ઉભા થશે અને તેવો દ્વારા પંચમહાલ ગોધરા શહેરના તમામના તમામ હિન્દુ-મુસ્લીમોને નુકશાન થશે.

મહાલક્ષ્મી માતાની જમીનોમાં મોટામોટા કોમ્પલેક્ષો લઘુમતિ કોમના ઈસમો દ્વારા બનાવી તેમાં લાઈટના મીટરો પણ નાખી-નખાવી (અશાંતધારા)નો ભંગ પણ કરી કરવામાં આવેલ છે અને આ લાઈટના મીટરો કોઈપણ જાતની તપાસ કે ગુજરાત સરકારની જોગવાઈ વિરૂદ્ધ એક પછી એક મીટરો આપેલ છે. જો આવી મિલ્કતો ઉપર કાયદા વિરૂદ્ધ કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કડકમાં કડક નજર રહશે નહીં તો ધાર્મીક દાન આપવાવાળી મિલ્કતો લેવાવાળા બની કરોડોનું નુકશાન કરતા રહેશે અને લાંબી લાંબી લાંચરૂશ્વતો લઈ જાતિ ભેદભાવ કરાવતા રહેશે. જેથી ઉચ્ચ વ્યવહાર થી જીવન ધોરણે સીધી અસર થાય છે. જેથી આવી પંચમહાલ જીલ્લા ગોધરા તથા અન્ય ગામોમાં આવેલી મિલ્કતો જાતી શ્રેષ્ઠતા તેમજ ભેદભાવની પ્રતિમાઓ ભવિષ્યમાં ઉભી ના થાય તેવી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા તેમ ચીફ ઓફિસર ગોધરાની સંપૂણ જવાબદારીઓ હોય જેથી આ જમીનો મુળ માલિક મહાલક્ષ્મી માતાની ટ્રસ્ટની આવેલી હોય અને કાયદા અંગે પ્રતિબંધીધારો પસાર કરેલ હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ કરી-કરાવી અનેક જાતના ખેલો ખેલી રહ્યા છે અને આવી મિલ્કતો આપી પંચમહાલ જીલ્લા કર્મચારીઓ, અધિકારીઓ હિન્દુ-મુસ્લીમોને ભવિષ્યમાં ભાઈ ચારો કરવાની પેરવી કરી-કરાવી રહ્યા છે.

# ગોધરા ગેની પ્લોટ વિસ્તારમાં નશીલી દવાઓનું વેચાણ કરતાં બે ઈસમોને દવાની ૧૫૬ બોટલ સાથે જાગૃત નાગરિકોએ ઝડપી પોલીસને સોંપ્યા

ગોધરા,

ગોધરા ગેની પ્લોટ વિસ્તારમાં નશીલી દવાઓનું વેચાણ કરતા બે ઈસમોને નશીલી દવાઓની બોટલ નંગ-૧૫૬ સાથે જાગૃત નાગરિક દ્વારા પકડી પાડીને પોલીસને સોંપવામાં આવ્યા. પોલીસ દ્વારા આ બાબતે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા પશ્ચિમ વિસ્તારમાં ગેની પ્લોટ વિસ્તારમાં નશીલી કફ શીરફ દવાઓનું ગેરકાયદેસર વેચાણ બે ઈસમો રીઝવાન હુસેન દલ (રહે. મોહમદી મહોલ્લા), ઈરફાન ઉર્ફે શત્રુ અબ્દુલ હમીદ દુર્વેશ (રહે. ખાખરીયા પ્લોટ), ઉપર સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા



આ બન્ને ઈસમો ઉપર વોચ રાખી હતી. ત્યારે બાતમી મળી હતી કે, બન્ને ઈસમો નશીલી દવાઓ સાથે આવી રહ્યા છે. તેવી જાણકારીના આધારે બન્ને ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ બન્ને ઈસમો અંગે બી ડીવીઝન પોલીસને જાણ કરતાં પોલીસ સ્થળ ઉપર પહોંચીને નશીલી દવાની બોટલ નંગ-૧૫૬ કિંમત ૨૭,૩૦૦/-રૂપીયા, બાઈક-૨ મળી ૭૭,૩૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પશ્ચિમ વિસ્તારમાં નશીલી દવાઓના રવાડે ચડેલ યુવાધનને આવા દુષણ થી બચાવવા માટે સમાજના અગ્રણીઓ આગળ આવ્યા છે અને તેના ભાગરૂપે બે ઈસમોને નશીલી દવાના જથ્થા સાથે ઝડપી પોલીસને સોંપવામાં આવ્યા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ની કલમ ૮(સી), ૨૧(સી), ૨૯ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

# શહેરા તાલુકામાં લમ્પી વાયરસથી ૧૦૭ જેટલા પશુઓ સંક્રમિત થતા ૫૮ જેટલા પશુઓ સાજા થયા

શહેરા,

શહેરા તાલુકામાં લમ્પી વાયરસનો કહેર જોવા મળવા સાથે ૧૦૭ જેટલા પશુઓ સંક્રમિત થતા ૫૮ જેટલા પશુઓને સારવાર કરીને સાજા કરી દેવામાં આવ્યા હતા. જ્યારે પશુ દવાખાનાના પશુ ડોક્ટર દ્વારા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ૨૨,૩૨૦ પશુઓને લમ્પી વાયરસની રસી આપવામાં આવી હતી.

શહેરા તાલુકાના સુરેલી, ખટકપુર, નાડા, ડોકવા તેમજ માતરીયા વ્યાસ સહિતના અનેક ગામોમાં લમ્પી વાયરસના ૧૦૭ કેસ પોઝિટિવ મળી આવ્યા હતા. તાલુકા મથક ખાતે આવેલ પશુ દવાખાના પશુ ડોકટર એ.બી.કાનાણી અને પી.એમ. બોબડીયા દ્વારા પશુમાં લમ્પી વાયરસના



તસ્વીર : તુષાર દરજી, શહેરા

લક્ષણો દેખવા મળતા તેઓ દ્વારા આવા પશુઓની સારવાર શરૂ કરવા સાથે તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં બીજા પશુઓ આ લમ્પી વાયરસના ઝપટમાં નહીં આવે તે માટે સર્વે હાથ ધરીને વેક્સિનેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. પશુ ડોક્ટર દ્વારા તાલુકાના ૫૦થી વધુ ગામોમાં ૨૨,૩૨૦ જેટલા પશુઓને લમ્પી વાયરસ સામે રક્ષણ આપતી વેક્સીન આપવામાં આવવા સાથે તેની કામગીરી પણ હાલ ઝડપથી ચાલી રહી છે. જ્યારે ૧૦૭ જેટલા પશુઓમાં લમ્પીના લક્ષણો જોવા મળ્યા હતા. એમાંથી ૫૮ જેટલા પશુઓ સાજા થવા સાથે ૪૯ પશુઓની સારવાર ચાલી રહી છે. પશુ ડોક્ટર એ.બી. કાનાણીએ અનેક ગામડાઓની મુલાકાત લેવા સાથે પશુપાલકોને પણ લમ્પી વાયરસના લક્ષણો વિશે માહિતી આપવા સાથે પોતાના પશુઓને જો આવા લક્ષણો જોવા મળે તો તેવા પશુઓને એકલા રાખવા સાથે પશુ ડોક્ટરને જાણ કરવા માટે જણાવતા હોય છે. પશુ ડોક્ટર દ્વારા આ વાયરસનો કહેર વધુ પશુઓમાં ફેલાય નહીં તે માટે વેક્સિનેશનની કામગીરી કરવામાં આવતા અનેક પશુઓ આ લમ્પી વાયરસ થી બચી શક્યા હતા.

# અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રને લઈ આદિવાસી અધિકાર સમિતિ દ્વારા પંચમહાલ અધિક કલેકટરને આવેદન આપ્યું

ગોધરા,

આદિવાસી વિકાસ ફાઉન્ડેશન,ગોધરા દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને ઉદ્દેશીને પંચમહાલ જિલ્લા નિવાસી અધિક કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં અનુસૂચિત જન જાતિના ખોટા પ્રમાણપત્રની ગંભીર સમસ્યા, ગુજરાત સરકાર અને સાચા આદિવાસી અધિકાર સમિતિ વચ્ચે થયેલા સમાધાન બાબતે પ્રસાશન દ્વારા થયેલા ઉલ્લઘન મામલે ધ્યાન દોરવામાં આવ્યું હતું.



ત્યારે આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યમાં આદિવાસીઓના ખોટા જાતિ પ્રમાણપત્રોનાં લીધે સાચા આદિવાસી વિદ્યાર્થીઓને અને શિક્ષિત બેરોજગારોના મૂળભૂત હક્કોનું નુકશાન બે લાખ જેટલા આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો થકી મોટા પાયે ગેરબંધારણીય રીતે હનન થઈ રહ્યું છે. હજી લાખોની સંખ્યામાં વધુ ખોટા પ્રમાણપત્ર આપવાની તૈયારી પ્રશાસન કરી રહ્યું છે. અમારૂં ભવિષ્ય જેના પર નિર્ભર છે. તે જળ, જંગલ, જમીન, ખાણ-ખનીજનાં હક્કો ઉપરાંત નોકરીના હક્કો પણ ઝૂંટવાઈ રહ્યા છે. જો બંધારણે આપેલા હક્કો જો આદિવાસીઓને જ નહિ મળે તો નવી પેઢી અંધકારમાં ઓઝલ થઈ જશે. માટે આ ગંભીર મુદ્દે ઉકેલ લાવવાની બંધારણીય જવાબદારી નિભાવે એવી અપેક્ષા વિદ્યાર્થીઓ અને યુવાઓ રાખી રહ્યા છે. જાતિ પ્રમાણપત્રના ઉકેલ માટે ગુજરાત સરકારે જાતિ પ્રમાણપત્ર અધિનિયમ ૨૦૧૮ બનાવ્યો. પરંતુ તેનો ઉકેલ ના આવતા સાચા આદિવાસી અધિકાર સમિતિ ગુજરાત રાજ્ય તરફથી ૨૦૨૦ માં આંદોલન કરવામાં આવ્યું. જે અંતર્ગત તા.૧૯.૨.૨૦૨૦ નાં રોજ ગુજરાત સરકાર અને સમિતિ વચ્ચે ૯ મુદ્દાનું સમાધાન થયું હતું. ત્યારબાદ તા.૧૯.૨.૨૦૨૦ નારોજ અધિનિયમ ૨૦૧૮ આધારિત જાતિ પ્રમાણપત્ર માટે નિયમો બનાવવામાં આવ્યા. જેનો ચુસ્ત અમલ કરવાની જરૂર હતી. તેની જગ્યાએ આદિવાસીઓના બોગસ પ્રમાણપત્ર લેનારા માટે આ અધિનિયમ અને નિયમોનું સરકારના વહીવટીતંત્ર દ્વારા ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. સરકાર સાથે સમાધાન અધિનિયમ ૨૦૧૮ અને નિયમો ૨૦૨૦ પ્રમાણે કાર્યવાહી કરી સત્વરે અમલ થાય તેવી માંગ કરવામાં આવી હતી. આદિજાતિ કમિશનર અને કલેકટર તેમજ મામલતદારો એ જાતિ પ્રમાણપત્ર બાબતે તા.૧૫.૬.૨૦૨૨ નાં રોજ ગેરકાયેદસર પત્રો પાઠવ્યા છે. જે મૂળ અસરથી રદ કરવામાં આવે, આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રોનાં આધારે ૨૦૧૮માં મેડિકલમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ સામે મેડિકલ પિટિશન હાઈકોર્ટમાં દાખલ કરી હતી. તે મુજબ તા.૨.૮.૨૦૧૯ નાં રોજ હાઈકોર્ટ દ્વારા ૬૪ જેટલા ખોટા સર્ટિફિકેટ પ્રમાણપત્ર ધરાવનાર સામે કાર્યવાહી કરવા મૌખિક હુકમ કર્યો હતો. જે અધિનિયમ મુજબ આજ દિન સુધી કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે, હાલમાં ગીર, બરડા આલેચ વિસ્તારના ચારણ, રબારી, ભરવાડ જાતિને બક્ષીપંચમાં સમાવેશ કરવાની દરખાસ્તની પૂર્તતા કરીને કેન્દ્ર સરકારને મોકલવાની હતી. જે દરખાસ્ત લાંબા સમયથી કાર્યાલયમાં પેંન્ડીગ છે. જેની પણ કાર્યવાહી હાથ ધરવી. ત્યારે આદિવાસી વિકાસ ફાઉન્ડેશન ગોધરા દ્વારા વિવિધ મુદ્દા સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ગોધરા પૂજારા ટેલીકોમ નામની દુકાન માંથી ૫૦ હજારની કિંમતના મોબાઈલની ચોરી કરી જતાં રેણા મોરવાના ઈસમ સામે ફરિયાદ

ગોધરા,

ગોધરા ઓવર બ્રીજ પાસે આવેલ પૂજારા ટેલીકોમ નામની મોબાઈલની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ ગઠીયો દુકાનદારની નજર ચુકવી સેમસંગ ગેલેકસી કિંમત ૫૦,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ઓવર બ્રીજ પાસે આવેલ પૂજારા ટેલીકોમ નામની દુકાનમાં મોબાઈલ ખરીદી કરવા માટે ગ્રાહકના સ્વાંગમાં આવેલ નરેન્દ્ર ખેંગારભાઈ વણકર રહે. રેણા મોરવા, શહેરા તા.૧૫ સપ્ટેમ્બરના રોજ દુકાનમાં મોબાઈલ ખરીદવાના બહાને આવ્યો હતો અને દુકાનદારની નજર ચુકવીને દુકાન માંથી સેમસંગ ગેલેકસી ફલીટ ફોર કિંમત ૫૦,૦૦૦/-રૂપીયાની ચોરી કરી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# ગોધરા સફાયર ઈન હોટલમાં ૬૩૬ રોહિત સમાજ વકીલોની એકતા માટે સ્નેહ સંમેલન યોજાયું



ગોધરા,

તા.૧૮/૦૯/૨૦૨૨ ના રોજ ગોધરા (ઓલ્ડ પંચમહાલ) પંચમહાલ, મહીસાગર, દાહોદ, વડોદરા મુકામે હોટલ સફાયર ઈનમાં સમગ્ર ૬૩૬ રોહિત સમાજના વકીલોની એક્તા માટે સ્નેહમિલનનો કાર્યક્રમ રાખેલ હતો. કાર્યક્રમની શરૂઆત બાબા સાહેબ તથા સંત રોહીતદાસને ફુલહાર અર્પણ કરી અને દીપ પ્રાગટય થી કરવામાં આવી હતી. કાર્યક્રમનો હેતુ નડિયાદ ખાતેની મિટિંગમાં થયેલ ચર્ચા મુજબ મુદ્દા વાઈઝ ચર્ચા કરી સંગઠન મજબૂત બનાવવાનો તથા સમાજમાં નવા બનેલ નોટરી કાંતિભાઈનું ટાઇ પહેરાવી સન્માન કર્યું. નવા બનેલ વકીલોના પરિચય તથા ટાઈ આપી સન્માન કરવામાં આવ્યું. વકીલોના અભ્યાસ અર્થે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે આયોજન કરવામાં આવ્યું તથા વકીલોની એડહોગ કમીટીને રેગ્યુલર કમીટી બનાવવામાં આવી તેમજ વકીલોના વેલ્ફેર સંબધિત ફી નક્કી કરી ઠરાવ કરેલ. સમગ્ર રોહિત સમાજના વકીલોના આમંત્રણને માન આપી હાજર રહી આપ સૌની હાજરી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન હર્ષદભાઈ (પાદ્રા), જીતુભાઇ (ગોધરા)એ કર્યું હતું તથા હસમુખભાઈ (કાલોલ)એ વકીલોનું સુશબ્દોથી સ્વાગત પ્રવચન કર્યું. હરીશભાઈ (ગોધરા), પ્રવીણભાઈ મેકવાન, પ્રવીણભાઈ (ઠાસરા), હસમુખભાઈ (વડોદરા), પારૂલબેન, હિતેશભાઈ, સુરેશભાઈ, જી.કે.રોહિત, વસંતભાઈ, રમેશભાઈ તથા પરેશભાઈ વાઘેલા (મેમ્બર બાર કાઉન્સીલ ગુજરાત) પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય આપ્યું. અંતે કમલેશભાઈ એ આવેલ વકીલોની આભારવિધિ કરી હતી. કાર્યક્રમને અંતે બધા ભેગા મળી ભોજન કર્યું. આમ સમગ્ર કાર્યક્રમ વકીલ એક્તાનો સંકલ્પ કર્યો હતો.

**સંમેલનનું આયોજન હરીશભાઈ ચૌહાણ (વકીલ) દ્વારા કરાયું**

# ગોધરા અંકલેશ્વર મહાદેવ ખાતે બ્રહ્મલીન શંકરાચાર્ય મહારાજની ભાવંજલિ અર્પણ કરાઈ



ગોધરા,

ગોધરાના અંકલેશ્વર મહાદેવ ખાતે બ્રહ્મલીન શંકરાચાર્ય પૂ.સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજને ભાવાંજલિ અર્પણ કરવા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગોધરા અને સનાતન ધર્મના અનુયાયી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વૈદિક મંત્રોચાર થકી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ ભાવાંજલિ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ ગોપાલસિંહ સોલંકી બ્રહ્મ સમાજના અગ્રણી આતિશ ભટ્ટ, કાર્તિક ત્રિવેદી, જિલ્લા પંચાયત પ્રમુખ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ અગ્રણી હિમાંશુ પંડ્યા સહિત અગ્રણીઓ અને વિવિધ જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી ભાવાંજલિ અર્પણ કરી હતી.

# હિંમતનગર ખાતે યોજાયેલ એથલેટીક્સ સ્પર્ધામાં ગોધરાની મુદ્રિકાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

ગોધરા,

હિંમતનગર ખાતે યોજાયેલી ઓપન ગુજરાત એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોધરા શહેરની મુદ્રિકા પરીખે દોડમાં પ્રથમ ક્રમાંક મેળવી વૈષ્ણવ સમાજનું ગૌરવ વધાર્યું હતું. તાજેતરમાં જ હિંમતનગર ખાતે ગુજરાત એથલેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઇ હતી. જેમાં અલગ અલગ શ્રેણીમાં દોડ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધા અંડર-૧૪ સ્પર્ધામાં ગોધરા શહેરની મુદ્રિકા વૈભવ પરીખે દોડમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. મુદ્રિકા પરીખે ૮૦૦ મીટરની આ



દોડ ૪૬ સેકન્ડમાં પૂર્ણ કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આમ, ગોધરા શહેરની દીકરીએ દોડ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવીને વૈષ્ણવ સમાજનું ગૌરવ વધાર્યું છે.

# પંચમહાલ ક્ષય વિભાગના કરાર આધારિત કર્મચારીઓની પડતર માંગણીને લઈ આવેદન આપ્યું



ગોધરા,

ગુજરાત આર.એન.ટી.સી.પી. કરારબદ્ધ કર્મચારી સંઘ પંચમહાલ દ્વારા ક્ષય વિભાગના કર્મચારીઓ ની પડતર માંગણીઓ સંદર્ભે પંચમહાલ કલેકટર ને આવેદનપત્ર પાઠવી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ થવા પામી છે. ત્યારે ગુજરાત રાજયમાં નિષ્ફળ સરકારની નીતિથી વધુ એક આંદોલન શરૂ થવા પામ્યું છે.

ક્ષય વિભાગના કરારબદ્ધ કર્મચારી સંઘ નાં જણાવ્યા અનુસાર અમે છેલ્લા પાંચ વર્ષ કરતા વધુ સમયથી સરકારના સક્ષમ અધિકારીઓ અને પદાધિકારીઓને લેખિત રજૂઆતો તેમજ રૂબરૂ મળીને નિયમોનુસાર ની સંતોષવા લાયક તમામ માંગણીઓ સંતોષવા સતત વિનંતી કરતા આવ્યા છીએ. તેમજ વચ્ચેના સમયગાળામાં પેનડાઉન દર્દીની સેવા સિવાયની તમામ કામગીરી સ્થગિત કરવા સાથે હડતાળ કરતા રહ્યા છીએ. પરંતુ નિષ્ફળ સરકારી નીતિઓને કારણે અમને માત્ર ને માત્ર પોકળ આશ્વાસન જ મળ્યા છે.અને ક્ષય વિરૂદ્ધ લડનારા કર્મચારીઓ ને પોતાની પડતર માંગણીઓ મામલે સરકાર તરફથી માત્ર ને માટે લોલીપોપ આપવામાં આવી રહ્યા છે. ત્યારે ફરી એક વખત પોતાની સમસ્યા પડતર માંગણીઓ ને લઈ તાજેતરમાં રજૂઆત કરી અને શાંતિ પ્રિય રીતે સરકારની આંદોલન નિવારણ સમિતિ સહિત તમામને પત્રથી જાણ કરી સંભવિત હડતાળના અંતિમ શસ્ત્ર થી અવગત કરવામાં આવ્યા હતા અને સત્વરે નિરાકરણ થવા જણાવ્યું હતું. પરંતુ સરકારમાં રહેલા આરોગ્યના ઉચ્ચ અધિકારી અને પદાધિકારીના અણઘડ વહીવટ, આયોજન, કાર્યકુશળતા નો અભાવ અને જાહેર હિત તેમજ જાહેર આરોગ્યની પરવા કર્યા વગર વેઠીયાપ્રથાનું માનસ ધરાવી ક્ષય વિભાગના કરાર કર્મચારીઓની હડતાળની પૂર્વ સૂચનાને અવગણી આંદોલનની પરિસ્થિતિ નિર્માણ કરી છે અને જાહેર આરોગ્ય સામે જોખમ ઉભુ કર્યું છે. જે વેદનાજનક રહ્યું છે. ત્યારે સંઘ પ્રમુખના જણાવ્યા અનુસાર વિવિધ પ્રકારની વ્યૂહરચના સાથે હડતાળને ઉગ્ર બનાવવામાં આવશે અને કચેરી સહિતના સ્થળો એ ઘેરાવનાં પણ આયોજન કરવામાં આવશે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મિશન મંગલમ જય અંબે
સ્વ.સહાય જુથ
તરફથી અભીનંદન....
મુ. ચાંચપુર,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રજાત
રાયસિંહ વી.
તરફથી અભીનંદન....
મુ. ગુસર,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠોડ એન.ડી.
મોટી કાંટડી અર્થક્ષમ સે.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. મોટીકાંટડી,
તા. ગોધરા,
જી. પંચમહાલ